**સુવિચાર**

સાહેબ કહે એ
સાચું નહી,
પણ સાચુ કહે
એ સાહેબ !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૭/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ અષાઢ સુદ-૮ વર્ષ : ૧૬ અંક : ૧૭૩

## ધારીમાં મામલતદાર અને આંગણવાડી વર્કર આમને-સામને આવ્યા

# આંગણવાડી વર્કરને બીએલઓની કામગીરી સોંપાતા હોબાળો

**અધિકારીએ આંગણવાડી વર્કરને ખખડાવતાં ૩ મહિલાઓની તબિયત લથડી**

**૩ આંગણવાડી વર્કરને સારવારમાં ખસેડવામાં આવી**

**આંગણવાડી વર્કરને વધારાનું કામ સોંપાતા ભારે રોષનો માહોલ**

**મહિલા સશક્તિકરણનાં માહોલમાં મહિલાઓની આંખમાં આંસુ લાવતી ઘટના સામે આવી**



અમરેલી, તા. ૨

ધારી પંથકની આંગણવાડીઓમાં ફરજ બનાવતી મહિલાઓને બીએલઓની વધારાની કામગીરી સોંપવામાં આવી હોય મહિલાઓએ વિરોધ કરતાં મામલતદારે ખખડાવતાં મહિલાઓમાં દેકારો મચી ગયો હતો અને ૩ મહિલાઓની તબિયત લથડતા સ્થાનિક સરકારી દવાખાનામાં સારવારમાં ખસેડવામાં આવી હતી. આગામી દિવસોમાં જનસંખ્યા ગણતરી, ચૂંટણી સહિતની વધારાની કામગીરી સરકારની સુચનાથી આંગણવાડી વર્કરને સોંપવામાં આવતાં આંગણવાડી વર્કરે મામલતદારને જણાવ્યું કે, અમો પાસે અમારી કામગીરી કરવામાંથી સમય રહેતો ન હોય તો મામલતદારે રજાનાં દિવસોમાં આ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**પડી જવાથી, ઝેર પીવાથી મોતની ઘટના બની**

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૩ બનાવો નોંધાયા

**સ્થાનિક પોલીસમાં તમામ ઘટના નોંધાઈ**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ત્રણ અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાતા જે તે સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીનાં સાવરકુંડલા રોડ ઉપર આવેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**અંતે નાયબ દંડક કૌશિક વેકરિયાએ જનતાની માંગને ટેકો જાહેર કર્યો**

## અમરેલીમાં સતત ઉડાઉડ કરતાં ટચુકડા વિમાનનાં જોખમને લઈને ઉડ્ડયન મંત્રાલયને રજુઆત

**શહેરીજનોમાં સતત ફેલાયેલ ડરનુ નિરાકરણ કરવુ જરૂરી**

અમરેલી, તા. ૨

અમરેલી શહેરના અમરેલી એરપોર્ટ પરથી નાના સિંગલ એન્જિનના વિમાનો પાયલોટ ટ્રેનિંગના ભાગરૂપે સતત અમરેલી શહેર માથે ચકરાવો લઈને ઊડતા હોવાના કારણે શહેરીજનોમાં ખૂબ જ ભયનો માહોલ ઊભો થવા પામેલ છે. વળી ગત દિવસોમાં એક ટ્રેની પાયલોટ વિમાન અમરેલી શહેરમાં તૂટી પડવાની ઘટના પણ બનેલ. જેમાં ચાલક પાયલોટનું મૃત્યુ થયું હતું. જેથી અમરેલી જિલ્લા શહેરના અગ્રણીઓ અને વિવિધ નાગરિકો દ્વારા આ બાબતે યોગ્ય પગલા ભરવા વિવિધ રજુઆતો કરવામાં આવી હતી. જે સંદર્ભે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી કે.આર. નાયડૂ અને રાજય સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપૂતને પત્ર લખીને પ્રજાજનોની રજૂઆત પરત્વે તાકીદે જરૂરી પગલા ભરવા રજૂઆત કરેલ છે.

**જાહેરમાં જુગાર રમતા ઝડપાયા**

## દામનગરમાં મોબાઈલમાં જુગાર રમતા ૨ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૨

દામનગર ગામે આવેલ છભાડીયા રોડ ઉપર બજરંગનગરમાં રહેતા આરોપી નવીનભાઈ ભીમજીભાઈ ચુડાસમાએ પોતાના મોબાઈલફોનમાં એપ્લીકેશન ડાઉનલોડ કરી તા. ૧નાં રોજ બપોરે ૨ થી ૨:૩૦ વાગ્યા દરમિયાન દામનગર ગામે છભાડીયા રોડ, બજરંગનગર વિસ્તારમાં આવેલ લીમડાના ઝાડની નીચે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર ક્રિકેટનો સટ્ટો રમાડતા હોય તે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન-૧ કિંમત રૂા. ૫૦૦૦ તથા રોકડ રૂપિયા ૧૪૦૦ તથા જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમવા આવેલ લાઠી તાલુકાનાં કાંચરડી ગામે રહેતા આરોપી શ્રીકાંતભાઈ ઉર્ફે કાળુભાઈ નાનજીભાઈ સિંધવને એન્ડ્રોઈડ મોબાઈલ ફોન-૧ કિંમત રૂપિયા ૫૦૦૦ તથા રોકડા રૂપિયા ૯૨૦નાં મુદામાલ મળી કુલ રૂપિયા ૧૨,૩૨૦નાં મુદામાલ સાથે બંને આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**જમીન વેચવાની છે**

ફળદ્રુપ જમીન વેચવાની છે. પ્રાઈમ લોકેશન બાબરા-ચિતલ હાઈ-વે થી ૧ કિ.મી. અંદર, સારા રસ્તે ફાર્મ-૧, ૧૦ વિઘા અને ૦૮ ગુંઠા વેચવાનું છે. જેમાં ફુલપાણી વાળો બોર, સબમર્શીબલ પંપ ૧૫ એચ.પી.નું લાઈટ કનેક્શન,૪૦ ની ગોળાઈનો આરસીસી ટાંકો, બે-રૂમ, રસોડુ, ઓસરીની પ્લીંથ, સંડાસ-બાથરૂમ એટેચ બીમકોલમ વાળા બેલાની પાકી પ્રોટેક્શન વોલ (દીવાલ) ૨૦x૨૦ નું ગોડાઉન-વંડો વાળેલો ઉપરાંત આંબા સહિત બાગાયતી રોપાવાળું....

**સંપર્ક મો.૯૯૦૯૬ ૨૦૨૮૫**

Krishna DINING HALL

**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

**રમેશભાઈ આર. શિંગાળા**
**૯૮૨૫૫ ૪૬૯૦૨**

**નારી હોસ્પિટલ**
**વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર**

દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ

**ડૉ. ચિરાગ કુબાવત** (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084

**ડૉ. ઉપાસના સી. કુબાવત**
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગ્નન્સી દરમ્યાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય / અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર

સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા કુવારા પદ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
**અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી**
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...

ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ

**દ્રષ્ટિ આંખની હોસ્પિટલ**
**ડો.અભિષેક ઠાકર**

રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital

નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.

STAR Health Insurance
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
SBI general INSURANCE
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz

## ભૂલી બિસરી એક કહાની, ફિર આઈ એક યાદ પુરાની

# સાવરકુંડલાની ગૌરવશાળી કુમાર શાળાને પૂનઃ ધમધમતી કરવી જરૂરી

**દાયકાઓ પહેલાં ધો. ૧થી ૮ સુધી સર્વશ્રેષ્ઠ શિક્ષણ આપતી શાળા આજે બંધ હાલતમાં**

**સમાજને શ્રેષ્ઠ ડોક્ટર, એન્જિનીયર, એડવોકેટ, ઉદ્યોગપતિઓની ભેટ આપનાર શાળા સુમસામ**

**બાળકોને દાયકાઓ પહેલા શાળા સમય બાદ અંગ્રેજીનું જ્ઞાન અપાતું હતું**

**શાળાનાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાનનાં શિક્ષણપ્રેમીઓ શાળાને પૂનઃ જીવીત કરે તે જરૂરી**








સાવરકુંડલા, તા. ૨

**પ્રતાપભાઈ બી. ખુમાણદ્વારા**

સાવરકુંડલા શહેરની એક સમયની શિરમોર સમાન શૈક્ષણિક સંસ્થા એટલે કુમાર શાળા જેમાં પ્રવેશ મેળવવા અનેક ભલામણો કરાવવી પડતી.

સ્વ. તાપીદાસ ગાંધીના હાથમાં આ સંસ્થાનું સંપૂર્ણ સંચાલન હતું એટલે કે તેઓ જ સર્વે સર્વા. શિસ્તના કડકમાં કડક આગ્રહી. જે તે સમયે સાવરકુંડલા ભાવનગર જિલ્લામાં સામેલ હતું એટલે જિલ્લાની પ્રથમ હરોળમાં આવતી હતી, આ શૈક્ષણિક સંસ્થા શ્રી મણીભાઈ ત્રિવેદી સ્મારક ટ્રસ્ટના નેજા હેઠળ આ શિક્ષણ સંસ્થા બેનમૂન હતી અને પ્રથમ હરોળના સંખ્યાબંધ ડોકટરો, એન્જિનિયર, ઉદ્યોગપતિઓ, વકીલો, વેપારી અગ્રણીઓ આ સંસ્થામાંથી બાલમંદિરથી ધોરણ સાત સુધીનું પ્રાથમિક એટલે કે પાયાનું શિક્ષણ લઈને આગળ આવ્યા છે. આ સંસ્થામાં જે કક્ષાનું બાલમંદિર તે સમયે હતું તે આજના સમયમાં પણ સમગ્ર જિલ્લામાં કયાંય પણ જોવા મળતું નથી. આ સંસ્થા પોતાના સમયમાં સફળતાની ટોચ ઉપર હોવા પાછળ સ્વયં સમર્પિત શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ જ એકમાત્ર કારણ છે. કુમારશાળા બાલમંદિરનો વાર્ષિક મહોત્સવ તે સમયે આજના ટીવી ઉપર જોવા મળતા કાર્યક્રમોને પણ ટક્કર મારે તેવો હતો.

લાલ ચડી અને સફેદ શર્ટ જેની શાન અને ઓળખ હતી.

મુખ્ય ટ્રસ્ટી તાપીદાસ ગાંધી સાથે ખભે ખભા મિલાવતા સ્ટાફના અમુક નામો કિશોરભાઈ ખખ્ખર, વજુભાઈ બોરીસાગર, અશોકભાઈ જોશી, નવલભાઈ ભરખડા, રમેશભાઈ પંડયા, રમેશભાઈ બોરીસાગર, સુમનબેન જોષી, લીલાબેન પટેલ, રશ્મિબેન, નાથાભાઈ મહેતા, સરોજબેન...આટલા નામો સ્મૃતિમાં છે.

અમુક વર્ષો પછી પ્રાથમિક શિક્ષણ બાદ માધ્યમિક શિક્ષણ માટે દેરાણી જેઠાણી હાઈસ્કુલ શરૂ કરવામાં આવી જે બાદમાં બનઝારા હાઈસ્કૂલ તરીકે જાણીતી બની. બનઝારા પરિવારનાં દેરાણી જેઠાણીએ સાથે મળીને મુખ્ય દાન આપવાને કારણે આ નામ રાખવામાં આવેલ અમુક વર્ષો સુધી બનઝારા હાઈસ્કૂલ પણ ટોચની શૈક્ષણિક સંસ્થા બની હતી.

કુમારશાળાનો સૂરજ જયારે તપતો હતો ત્યારે સ્વ. રતિલાલ ભંડેરી, સ્વ પ્રોફેસર રાવ પણ શાળા સમય બાદ ખાસ અંગ્રેજી માટેના વર્ગો લેતા હતા. આ કલાસિસે પણ ખૂબ લોકચાહના મેળવી હતી.

આ લેખ લખનારે પણ પ્રાથમિક શિક્ષણ અને અંગ્રેજી વર્ગોમાંથી જ પોતાની કારકિર્દી ઘડી છે.

ખબર નહિ આવી બેનમુન શૈક્ષણિક સંસ્થાને કોઈની બુરી નજર લાગી ગઈ..! કાળની ગર્તામાં ધીમે ધીમે પણ જાણે મક્કમ ગતિથી ભૂતકાળ બની ગઈ. ભવ્ય ભૂતકાળ ત્યારે જ યાદ આવે જયારે વર્તમાનમાં અસ્તિત્વ જ ન હોય..!

આજે પણ સમગ્ર જિલ્લામાં બેનમૂન ઈમારત ધરાવતી કુમાર શાળા ભેંકાર સ્મશાનવત ખડી છે. એક સમયે રાત દિવસ બાળકોની કિકિયારીઓથી ગુંજતી રહેતી કુમાર શાળા જાણે ચોધાર આંસુએ રડી રહી છે. આ સંસ્થામાં અભ્યાસ કરી ચુકેલા પૂર્વ વિદ્યાર્થીઓ પણ ઉંડા નિસાસા નાંખી રહ્યા છે.

દર ચોમાસે જેના પગ પખાળે છે, એવી નાવલી નદી પણ જાણે નિસાસા સાથે આછડતી નજર ઈમારત સામે નાંખીને જવાબદારોને શ્રાપ આપતી વહેતી રહે છે ..!

આજે સાવરકુંડલા શહેરથી અત્યંત દૂર હોય તેવી શૈક્ષણિક સંસ્થાઓ પણ ધમધમી રહી છે. ત્યારે સમગ્ર શહેરની બરાબર સેન્ટરમાં આવેલ સંપૂર્ણ સુવિધા યુકત કુમારશાળા બાલમંદિરના વહીવટ માટે શું ખૂટે છે..?! સાવરકુંડલા શહેરના પ્રબુદ્ધ અને સમૃદ્ધ નાગરિકોએ આ માટે વિચારવું રહ્યું. ઘણો સમય વીતી ચૂકયો છે પણ હજી મોડું થયું નથી. જો આ બાબતે શહેર બહાર વસતા માલેતુજારો અને સાવરકુંડલાના પાવરફુલ વતનીઓ આગળ આવીને સમગ્ર સંસ્થાનું સુકાન નહીં સંભાળે તો ભવિષ્યની પેઢી કયારેય માફ નહીં કરે...!

## ફેડરેશનનાં પ્રમુખે ચુંટણી કમિશનરને પત્ર પાઠવ્યો

# આંગણવાડી વર્કરોને BLOની કામગીરીમાંથી મુકત કરવા માંગ

**રાજય સરકારને પણ રજુઆત કરવામાં આવી**

અમરેલી, તા. ૨

ખૂબ જ નજીવા માનદ વેતનમાં ફરજ બજાવતી આંગણવાડી વર્કરોને ગુજરાત ચૂંટણી પંચ મારફત સમગ્ર ગુજરાતમાં બીએલઓની કામગીરી સોપાતા આંગણવાડી કર્મચારીઓમાં ગભરાટ સાથે રોષ ફાટી નિકળ્યો છે. સરકાર આંગણવાડી વર્કરો જે હકીકતમાં સરકારી કર્મચારીની વ્યાખ્યામાં નથી આવતા તેઓની ઉપર એક વધુ મહત્વની જવાબદારી નાંખીને કર્મચારીઓનું શોષણ કરવાનો તખ્તો ઘડાઈ રહ્યોં છે. સરકારની જે અન્ય વિભાગોની કામગીરી છે. તેવી ૭૦થી વધુ પ્રકારની કામગીરી સરકાર પહેલેથી જ કર્મચારીઓ ઉપર થોપવામાં આવી છે. જે હકીકતે આંગણવાડી કાર્યકરોની નથી છંતા પણ માનદ સેવકો હોવાને કારણે દબાણવશ કામગીરી કરી રહ્યાં છે. ત્યારે બીએલઓ જેવી ચૂંટણી લક્ષી જવાબદારી વાળી કામગીરી વર્કરોને સોંપવાનો નિર્ણય બિલકુલ કાયદાને સુસંગત નથી. આ આ અંગેની રજુઆત ગુજરાત રાજય આંગણવાડી કર્મચારી ફેડરેશનના પ્રમુખ મોટાભાઈ સંવટ ધ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી આયુકતને ઈ–મેઈલ ધ્વારા કરવામાં આવી છે અને તાત્કાલિક ધોરણે કરાયેલો હુકમ વિડ્રો કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી તેમજ તમામ ધારાસભ્યો સાંસદોને પણ સહયોગ આપવા જણાવેલ છે.

આંગણવાડી વર્કરોને બીએલઓની મહત્વની કામગીરી સોપાતા ગુજરાતના ચૂંટણી પંચ પર પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે. કે જે કામ સરકારી કાયમી કર્મચારીઓ કે જેઓ પુરતુ વેતન મેળવે છે અને સરકારી લાભો મેળવે છે. તેઓને આવી મહત્વની કામગીરી નહી સોંપીને ઓછું ભણેલી અને આવી મહત્વની કામગીરી કયારેય કરી નથી તેવી બહેનોને આવી કામગીરી સોંપીને ચૂંટણી પંચ શુ કરવા માંગે છે. તેવા સવાલો ઉભા થઈ રહ્યાં છે. ચૂંટણી લક્ષી કામગીરી ગંભીર પ્રકારની કામગીરી છે. આ કામગીરી સંપૂર્ણ પણે સતર્કતાથી કરવી પડે અને તેમાં ભૂલ થાય તો શિક્ષાને પાત્ર બને તેમજ ઓછું ભણેલા બહેનોથી અનેક ભૂલો થવાની સંભાવના પણ રહેલી છે. ત્યારે દોષી તો વર્કરો બને અને તેને વગર વાંકે સજા ભોગવવી પડે તેની જવાબદારી કોણ લેશે. આંગણવાડી વર્કરોને મુખ્ય કામ કુપોષિત બાળકોને યોગ્ય પોષણ આપીને સુપોષિત કરવાનું છે તેમજ માતાઓ અને સગર્ભા બહેનોના આરોગ્યની દેખભાળ કરવાનું છે. ત્યારે આવી કામગીરી જે તેમણે કરવાની જ નથી. તે શા માટે શોપવામા આવી રહી છે. સરકારે પણ વિચારવાની જરૂર છે કે ગુજરાત હજુ સંપૂર્ણ કુપોષણ મુક્ત થયું નથી. ત્યારે વર્કરોને આવી જવાબદારી અન્ય કોઈ ડીપાર્ટમેન્ટના સોંપે તેની કાળજી લેવી પડશે નહી. તો હજુ ગુજરાતને હજુ કુપોષણ મુક્ત કરતા હજારો વર્ષ વીતી જશે. ગુજરાત સરકારને પણ વિનંતી છે કે ચૂંટણી પંચ ધ્વારા કરાયેલા આ નિર્ણયને તાત્કાલિક ધોરણે સ્થગિત કરાવે અને વર્કરોને આવી ચૂંટણીલક્ષી કામગીરીમાંથી મુક્ત કરાવે તેવી ગુજરાત રાજય આંગણવાડી કર્મચારી ફેડરેશનની માગણી છે.

## આમ આદમી પાર્ટીનાં સદસ્ય અભિયાનનો પ્રારંભ કરાવતા કેજરીવાલ

# ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ૩૦ વર્ષથી પ્રેમી–પ્રેમિકાનો સબંધ : ખાનગીમાં બંને મળે છે

**૩૦ વર્ષમાં ગુજરાતની દુર્દશા માટે ભાજપ જ જવાબદાર**






અમરેલી, તા. ૨

વિસાવદર–ભેંસાણ વિધાનસભા બેઠક ઉપરથી ''આમ આદમી પાર્ટી''નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો વિજય થતાં આમ આદમી પાર્ટીનાં કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનાં ઘોડાપુર જોવા મળી રહ્યા છે. આગામી અઢી વર્ષ બાદ ગુજરાતમાંથી ભાજપને પરાજિત કરવાનાં સંકલ્પ સાથે રણશિંગુ ફુંકવામાં આવ્યું છે.

આજે આમ આદમી પાર્ટીનાં સ્થાપક કન્વીનર અને દિલ્હીનાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતની ધરતી પરથી સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે અને રાજયની ૭ કરોડ જનતાનાં ઘરમાં આગામી અઢી વર્ષમાં પાંચ વખત રૂબરૂ જઈને સદસ્ય બનાવવાનો રણટંકાર કરવામાં આવ્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૩૦ વર્ષ કોંગ્રેસ અને ૩૦ વર્ષથી ભાજપનું શાસન ચાલી રહ્યું છે છતાં ગુજરાતમાં માર્ગો, વીજળી, રોજગારીની વિકરાળ સમસ્યા જોવા મળી રહી છે. સુરત જેવા શહેરમાં કરોડો રૂપિયાનાં બંગલામાં પણ વરસાદી પાણી ઘુસી ગયાનું તેઓએ જણાવ્યું હતું.

વધુમાં તેઓએ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રેમી–પ્રેમિકાનો સબંધ છે બંને ભેગા મળીને કોન્ટ્રાકટ મેળવે છે. ૭૦ ટકા કોન્ટ્રાકટ ભાજપનાં અને ૩૦ ટકા કોન્ટ્રાકટ કોંગ્રેસને મળે છે. કોંગ્રેસ પક્ષ ભાજપનાં ખોળામાં બેસી ગયો હોવાથી ભાજપમાં ઘમંડ આવી ગયું છે કે જનતા માટે ભાજપ સિવાય કોઈ વિકલ્પ જ નથી. પરંતુ વિસાવદરની જનતાએ એક વિકલ્પ તૈયાર કર્યો છે અને તે છે આમ આદમી પાર્ટી અને આગામી વર્ષ ૨૦૨૭ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતનાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો બનાવશે તેવો આશાવાદ વ્યકત કર્યો છે.

આ તકે ઈશુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા સહિતનાં ''આપ''નાં આગેવાનોએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર રાજયમાંથી ''આપ''નાં કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા, અમરેલી સહિતનાં શહેરોમાં જવામાં પરેશાની

# રાજુલાની ચારે દિશાઓમાં માર્ગો બન્યા ખખડધજ

**સ્થાનિકથી લઈને ગ્રામ્યકક્ષાનાં માર્ગો પણ ઠેર–ઠેર બિસ્માર બની ગયા**

**શહેરમાં અનેક સ્ટ્રીટલાઈટ પણ બંધ, ગંદકીની પણ સમસ્યા**

**શહેરમાં પીવાનું પાણી પણ નિયમિત વિતરણ કરવામાં આવતું નથી**

**લોકશાહીમાં લોકો સર્વોપરી હોવાને બદલે બિચારા બની ગયા જેવી હાલત**



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૨

રાજુલા–સાવરકુંડલા હાઈવે અમરેલી–સાવરકુંડલા નેશનલ હાઈવે અને રાજુલા બાયપાસ માર્ગો ઉપર મસમોટા ખાડાઓ વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા ડાન્સ કરતા હોય તેવી રીતે અહીં વાહન ચાલકો જોખમી રીતે પસાર થઈ રહ્યા છે.

ગુજરાત રાજયમાં વરસાદ બાદ તંત્ર અને માર્ગ–મકાન વિભાગને માર્ગો પર ખાડાઓ બુરવા માટે રાજય સરકાર દ્વારા આદેશો આપવામાં આવ્યા છે. પરંતુ અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ અને નેશનલ હાઈવેના અધિકારીઓને જાણે પેટનું પાણી હલતું ન હોય તેવી રીતે અમરેલી જિલ્લામાં દયનિય સ્થિતિ સર્જાઈ છે. રાજુલા–સાવરકુંડલા હાઈવે ઉપર અંદાજે ૫૦થી વધુ ખાડાઓ હોવાને કારણે વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વરસાદ બાદ અહીં કોઈ સમારકામ કરવામાં આવતું નથી. દૂધ વેચાણ કરતા વાહન ચાલકો કહે છે ખાડાના કારણે દૂધ પણ માર્ગ ઉપર ઢોળાય છે અને અકસ્માતની ઘટનાઓ પણ બને છે તાકીદે સરકાર ખાડાઓ બુરે તેવી માંગ ઉઠી છે.

રાજુલા–સાવરકુંડલા હાઈવે અને સાવરકુંડલાથી અમરેલી નેશનલ હાઈવે ઉપર ઠેર ઠેર ખાડાઓ અત્યંત માર્ગો ખરાબ બની રહ્યા છે. જિલ્લાના મુખ્ય હાઈવે અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર પણ આવી જ હાલત છે. રાજુલા બાયપાસ વિસ્તારમાં પણ મોટા મોટા ખાડાઓ જોવા મળે છે. બાઈક ચાલકો કહે છે વહેલી તકે ખાડાઓ બુરે નહિતર અકસ્માતની પુરી તૈયારીઓ જોવા મળી રહી છે. મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. વાહન ચાલકોનો એક જ સુર તાકીદે યોગ્ય રીતે ખાડાઓ બુરવામાં આવે તેવી માંગ કરવામાં આવે છે.

ચોમાસાની હજુ શરૂઆત સમયે પ્રથમ વરસાદે રોડ ઉપર ભયાનક સ્થિતિ સર્જાઈ છે તેવા સમયે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તો બીજી તરફ માર્ગ મકાન વિભાગ અને નેશનલ હાઈવેના અધિકારીઓ મીડિયા સમક્ષ બોલવા તૈયાર નથી. હવે રાજય સરકારના આદેશ બાદ અમરેલી જિલ્લાના અધિકારીઓ પાલન કરશે કે કેમ તે તો આવનારો સમય જ બતાવશે?

ત્યારે હાઈવે પર રોડમાં ખાડાઓ તો પડયા છે પરંતુ રાજુલા શહેરના મુખ્ય માર્ગોની પણ હાલત આવી છે. રાજુલા–મહુવા રોડથી કોટેર મહાદેવના મંદિર સુધી એટલે કે આ શહેરનો મુખ્ય માર્ગ છે ત્યાં પણ ખાડારાજ જોવા મળી રહ્યો છે. રાજુલા શહેરમાં અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો પણ બંધ છે ત્યારે રાજુલા શહેરની નગરપાલિકામાં સંપૂર્ણ બહુમતી ભારતીય જનતા પક્ષની હોય ત્યારે વિકાસ કયાં?

ચૂંટણી સમયે અવનવા વચનો આપ્યા બાદ અત્યારે રાજુલા શહેરના નગરજનો આ ખાડા રાજમાં જીવી રહ્યા છે ત્યારે શું રાજુલા નગરપાલિકા દ્વારા આ બાબતે કંઈ કરવામાં આવશે કે કેમ?

હાલમાં ચોમાસુ શરૂ થયું છે રાજુલાના બંને ડેમો ભરાઈ ચૂકયા છે છતાં રાજુલા શહેરમાં ચાર દિવસે અને પાંચ દિવસે પાણી વિતરણ કરવામાં આવે છે. ત્યારે રાજુલા શહેરના નગરજનોમાં લોકમુખે એક જ ચર્ચાથી વિગત કે હવે રજૂઆત કરવી કોને?

### ૮ વર્ષની જહેમત બાદ સુવિધા મળવી શરૂ થશે

## આનંદો : કુંકાવાવ ખાતે તાલુકા પંચાયત કચેરીનું આજે લોકાર્પણ કરાશે

**તાલુકા પંચાયતનાં વિપક્ષી નેતાએ ખુશી વ્યકત કરી**

અમરેલી, તા. ૨

કુંકાવાવ–વડિયા તાલુકા પંચાયતમાં તા. ૨૪/૬/૨૦૨૫ના રોજ આવેલ અતિવૃષ્ટિ સમયે તાલુકા પંચાયત કચેરીમાં ૭ થી ૮ ફુટ પાણી ઘુસી ગયેલ ત્યારપછી નવી તાલુકા પંચાયતની કચેરી બનાવવા માટે ઠરાવ ૨૦૧૬–૨૦૧૭મા નવી તાલુકા પંચાયત બોડીએ પાસ કરાવવા ત્યારના ધારાસભ્ય પરેશનભાઈ ધાનાણીને રજુઆત કરેલ રજુઆતના અંતે જગ્યા પસંદગી બગસરા રોડ સ્કુલની પાછળ બગીચામાં મંજુરી માગેલ જે તે સમયે મંજુરી મળી ત્યાર પછી નવી તાલુકા પંચાયત કચેરી બની ગયેલ છે. તેમનુ લોકાર્પણ તા. ૩/૭/૨૦૨૫ને ગુરૂવારે સવારે ૯:૦૦ કલાકે રાખેલ છે તો કુંકાવાવ–વડીયા તાલુકા પંચાયતની જે કોઈ કામગીરી હોય તેમને નવી બનેલ કચેરીના સરનામે મુલાકાત કરવા તાલુકા પંચાયતનાં વિપક્ષી નેતા મનસુખભાઈ ગોંડલીયાએ અનુરોધ કરેલ છે.

### પીઆઈ અને પીએસઆઈનાં માર્ગદર્શનતળે

## લીલીયા મોટા : પોલીસ વિભાગે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી માહિતગાર કર્યા

**વર્ગ ખંડમાં વિદ્યાર્થીઓને સમજણ અપાઈ**

લીલીયા, તા. ૨

લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે લીલીયા પોલીસ વિભાગના પી.આઈ આઈ.જે. ગીડા, પી.એસ.આઈ વાય.એમ. જાડેજાના માર્ગદર્શન તળે ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ બહેનોને સાઈબર ક્રાઈમ જનજાગૃતિ અંતર્ગત જાણકારી અપાઈ હતી.



આ તકે વીજ કંપનીના નામે થતા ફોડ, ડુપ્લીકેટ સોશિયલ મીડીયા એકાઉન્ટ ફોડ, જોબ વર્કના નામે ફોડ, K.Y.C., ઈન્સ્ટન્ટ લોન એપના સાઈબર ફોડ, સ્કીન શેરિંગથી થતા સાયબર ફોડ, વોટસએપ ન્યુડ વિડિયો કોલથી સાવધાન સહિતની જીણવટ ભરી માહિતી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જઈ પોલિસ કર્મીઓ ધ્વારા આપવામાં આવેલ. આ તકે શાળાના આચાર્ય એચ.એમ. કરડ સહિતના સ્ટાફ કર્મચારીઓ જોડાયા હતા.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૬૩૪

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦










જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
**મનહર હોન્ડા**
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
**મગડી ગુંદીના લાડુ**
નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



### અમેરિકા અને ચીનને રાજનાથ સિંહનો રોકડો જવાબ

# ભારતને પોતાના બચાવ માટે પહેલા હુમલો કરવાનો અધિકાર

**રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અઠવાડિયે તેમના અમેરિકી સમકક્ષ પીટ હેગસેથ સાથે લગભગ ૨૦ મિનિટ સુધી વાતચીત કરી હતી**

નવી દિલ્હી, તા.૨

ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદને લઈને દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, જો ભારત પર હુમલો થશો તો તેનો જવાબ મોટા હુમલા દ્વારા આપશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અઠવાડિયે તેમના અમેરિકી સમકક્ષ પીટ હેગસેથ સાથે લગભગ ૨૦ મિનિટ સુધી વાતચીત કરી હતી. આ દરમિયાન રક્ષા મંત્રીએ હેગસેથને કહ્યું હતું કે, ભારત પાકિસ્તાન દ્વારા શરૂ કરાયેલા સરહદ પારના આતંકવાદી હુમલાઓ સામે પોતાનો બચાવ કરવા માટે પહેલા હુમલો કરવાનો અધિકાર છે. આ સાથે તેમણે પાકિસ્તાનના રેકોર્ડને લઈને કહ્યું કે, ભારતનો પાડોશી દેશ આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયો છે. તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાની સેનાના પ્રમુખ આસિમ મુનીરને લન્ચ માટે વ્હાઈટ હાઉસ આમંત્રિત કર્યા હતા. તેવામાં રાજનાથ સિંહની આ પ્રકારની ટિપ્પણીને ભારત તરફથી એક મજબૂત સંદેશના રૂપમાં જોવામાં આવી રહ્યો છે. જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતુ અને જવાબી કાર્યવાહીમાં પાક.ના આતંકી ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. જેને લઈને રાજનાથ સિંહે કહ્યું કે, મે મહિનામાં પાકિસ્તાન સાથે ૧૦૦ કલાક ચાલેલા સંઘર્ષ દરમિયાન ભારતની કાર્યવાહી માપદંડ મુજબની, બિન-ઉશ્કેરણીજનક, પ્રમાણસર અને કેન્દ્રિત હતી. જ્યારે પાકિસ્તાને નાગરિકોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

### સૌથી પહેલા ઘાના અને છેલ્લે નામીબિયાનો પ્રવાસ કરશે

# ૫ દેશોની યાત્રા પર રવાના થયા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**ત્રિનિદાદ-ટોબેગો ભારત માટે સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ : ભારતીય મૂળના લોકોની મોટી વસ્તી**

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે (૨ જુલાઈ, ૨૦૨૫) ઘાનાની સત્તાવાર મુલાકાતે રવાના થયા. પીએમ મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયા સહિત પાંચ દેશોની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ સમિટમાં પણ હાજરી આપશે.

પીએમ મોદી ૨ થી ૩ જુલાઈ દરમિયાન તેમની મુલાકાતના પહેલા તબક્કામાં ઘાનામાં રહેશે. ૩ દાયકામાં ભારતીય વડાપ્રધાનની આ પહેલી ઘાના મુલાકાત હશે. તેઓ ઘાનાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠકમાં આર્થિક, ઉર્જા અને સંરક્ષણ સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે.

બુધવાર (૨ જુલાઈ, ૨૦૨૫) ના રોજ મુલાકાત માટે રવાના થતી વખતે, પીએમ મોદીએ કહ્યું કે ભારત ઉભરતી અર્થવ્યવસ્થાઓ વચ્ચે સહયોગ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે બ્રિક્સ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે સાથે મળીને આપણે વધુ શાંતિપૂર્ણ, સમાન, ન્યાયી, લોકશાહી અને સંતુલિત બહુધ્રુવીય વૈશ્વિક વ્યવસ્થા બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ત્રિનિદાદ અને ટોબેગો ભારત માટે સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ છે. આ દેશમાં ભારતીય મૂળના લોકોની મોટી વસ્તી છે, જેઓ ૧૯મી સદીમાં ભારતમાંથી આવેલા ઈમિગ્રન્ટ્સના વંશજ છે. આ ડાયસ્પોરા ભારત અને ત્રિનિદાદ અને ટોબેગો વચ્ચે એક મજબૂત સાંસ્કૃતિક સેતુ તરીકે સેવા આપે છે.

પીએમ મોદી ૩ અને ૪ જુલાઈએ ત્રિનિદાદ-ટોબેગોમાં રહેશે. ૧૯૯૯ પછી આ કોઈ ભારતીય વડા પ્રધાનની પહેલી મુલાકાત હશે. ત્યારબાદ પીએમ મોદી મુલાકાતના ત્રીજા તબક્કામાં ૪ અને ૫ જુલાઈએ આર્જેન્ટિનાની મુલાકાત લેશે, જ્યાં તેઓ સંરક્ષણ, કૃષિ, ખાણકામ, તેલ અને ગેસ અને વેપાર સહિત ઘણા ક્ષેત્રોમાં ભાગીદારી પર ચર્ચા કરશે. આ પછી, પીએમ મોદી બ્રિક્સ બેઠકમાં ભાગ લેવા માટે બ્રાઝિલ જશે અને ૯ જુલાઈએ નામિબિયાની મુલાકાત લેશે.

બ્રાઝિલ ભારતનું એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, ખાસ કરીને કારણ કે તે વિશ્વના સૌથી મોટા BRICS દેશોના જૂથ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા)નો ભાગ છે. ભારત અને બ્રાઝિલ વચ્ચેનો વેપાર ઈ૧૨.૨૦ બિલિયન સુધી પહોંચી ગયો છે. ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ્સ અને ઊર્જા જેવા ક્ષેત્રોમાં સહયોગ વધી રહ્યો છે.

### કોંગ્રેસના બે દિગ્ગજો વચ્ચે સમાધાન

# સિદ્ધારમૈયાએ કહ્યું ૫ વર્ષ સુધી હું જ મુખ્યમંત્રી રહીશ

**આ મામલે ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ પ્રતિક્રિયા આપી અને કહ્યું કે, મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી**

બેંગલુરુ, તા.૨

કર્ણાટકના રાજકારણમાં આ દિવસોમાં ખૂબ જ હંગામો ચાલી રહ્યો છે. એવી ચર્ચા છે કે હવે રાજ્યની કમાન કોઈ બીજાને સોંપવામાં આવશે. પરંતુ બુધવારે ખુદ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ બધી અફવાઓને ફગાવી દીધી અને સ્પષ્ટતા કરી કે, હા, ૫ વર્ષ સુધી હું જ CM રહીશ. શું આ બાબતે તમને કોઈ શંકા છે?સિદ્ધારમૈયાએ આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે વિપક્ષો દાવો કરી રહ્યા હતા કે કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક મતભેદો છે અને કદાચ ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારને રાજ્યના મુખ્યમંત્રી બનાવી શકાય છે.

આ મામલે ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ પ્રતિક્રિયા આપી અને કહ્યું કે, મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. મારે પાર્ટીના નિર્ણયનો સ્વીકાર કરવો પડશે અને હું મુખ્યમંત્રીની સાથે ઊભો રહીશ. લાખો લોકોએ પાર્ટીને ટેકો આપ્યો છે અને હું પાર્ટીના નિર્ણયોનું પાલન કરીશ. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારને એમ પણ કહ્યું કે, જ્યારે સિદ્ધારમૈયા મુખ્યમંત્રી હોય છે, ત્યારે નેતૃત્વ પર કોઈ વિવાદ ન હોવો જોઈએ. પાર્ટી શિસ્ત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મેં ક્યારેય કોઈને મને મુખ્યમંત્રી બનાવવા માટે કહ્યું નથી.

કર્ણાટકના બંને ટોચના નેતાઓના નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે પાર્ટીના ધારાસભ્યો ઘણા અઠવાડિયાથી ખુલ્લેઆમ માંગ કરી રહ્યા હતા કે શિવકુમારને તેમના કાર્યકાળની મધ્યમાં મુખ્યમંત્રી બનાવવામાં આવે. લગભગ ૨ વર્ષ પહેલાં, મે ૨૦૨૩માં વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી કર્ણાટકમાં મુખ્યમંત્રી પદ માટે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો, લાંબા સમય સુધી ચર્ચા-વિચારણા કર્યા પછી, પાર્ટી નેતૃત્વ શિવકુમારને મનાવવામાં સફળ રહ્યું અને તેમને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવ્યા.જોકે, તે સમયે એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે રોટેશનલ મુખ્યમંત્રી ફોર્મ્યુલા હેઠળ બંને નેતાઓ વચ્ચે એક કરાર છે, જે મુજબ શિવકુમાર અઢી વર્ષ પછી મુખ્યમંત્રી બનશે, પરંતુ પાર્ટી દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

### કોર્ટે ફટકારી ૬ મહિનાની જેલની સજા

# બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ઝટકો લાગ્યો

**હસીના પર બાંગ્લાદેશમાં હાલમાં ૧૦૦થી વધારે કેસ ચાલી રહ્યા છે : પહેલા તેમને સજા સંભળાવવામાં આવી**

ઢાકા, તા.૨

જીવ બચાવવા માટે દેશ છોડીને ભાગનારા બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને એક કેસમાં છ મહિનાની કેદની સજા સંભળાવવામાં આવી છે. હસીના પર બાંગ્લાદેશમાં હાલમાં ૧૦૦થી વધારે કેસ ચાલી રહ્યા છે. આ અત્યાર સુધીનો પહેલો એવો કેસ છે, જેમાં તેમને સજા સંભળાવવામાં આવી છે. હસીના પર કોર્ટની અવમાનનાના કેસમાં આ સજા સંભળાવવામાં આવી છે.ઢાકા ટ્રિબ્યૂન અખબારે કહ્યું કે, ન્યાયાધીશ મોહમ્મદ ગુલામ મુર્તજા મજૂમદારની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાધિકરણની ત્રણ સભ્યોની પીઠે આ નિર્ણય લીધો છે. આ નિર્ણયમાં ન્યાયાધિકરણે ગૈબાંધામાં ગોબિંદગંજના શકીલ અકંદ બુલબુલને બે મહિનાની જેલની સજા સંભળાવી છે. પ્રધાનમંત્રી પદેથી હટવા અને ૧૧ મહિના પહેલા દેશ છોડ્યા બાદ પહેલી વાર અવામી લીગના નેતાને કોઈ કેસમાં સજા થઈ છે. આ દરમ્યાન એ પણ જણાવી દઈએ કે, બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાની પાર્ટી વિરુદ્ધ વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યૂનુસ પહેલા જ મોટી કાર્યવાહી કરી ચુક્યા છે. શેખ હસીનાની પાર્ટી આવામી લીગને બાંગ્લાદેશમાં પ્રતિબંધ કરી દીધો છે. યૂનુસે આ કાર્યવાહી આતંકવાદ વિરોધી કાયદા અંતર્ગત કરી હતી.બાંગ્લાદેશમાં શેખ હસીના પર કેટલાય કેસ ચાલી રહ્યા છે. હસીના પર ભ્રષ્ટાચારથી લઈને હત્યાઓના ગંભીર આરોપ છે. બાંગ્લાદેશની યૂનુસ સરકાર ઘણી વાર ભારતને શેખ હસીનાને પાછા મોકલવાનો અનુરોધ કરી ચુકી છે. ભારત સરકારે અનુરોધનો કોઈ જવાબ આપ્યો નથી.

### અમદાવાદ પ્લેન ક્રેશ ઘટનામાં ચોંકાવનારો ખુલાસો

# વિંગ ફ્લેપનું સંકોચાવવું, દુર્ઘટનાનું કારણ હોઈ ન શકે

**પાઈલોટોએ સિમ્યુલેશન દ્વારા વિમાનની સ્થિતિ જાણવાની કોશિશ કરી, જે પ્લેન ક્રેશ વખતે પેદા થઈ હતી**

નવી દિલ્હી, તા.૨

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ ૨૪૨ મુસાફરોને લઈને જતું એર ઈન્ડિયાનું વિમાન ઉડાણની ગણતરીની મિનિટો બાદ કેમ ધડામ દઈને નીચે પડ્યું અને આગના ગોળામાં ફેરવાઈ ગયું તેનું મોટું કારણ સામે આવ્યું છે. એર ઈન્ડિયાના પાઈલોટોએ તબાહીની એ અંતિમ પળો જેવી સ્થિતિ ઊભી કરીને એ ચકાસ્યું કે આવું કયા કારણોસર થયું હોઈ શકે.

એર ઈન્ડિયાના પાઈલોટોએ સિમ્યુલેશન દ્વારા વિમાનની સ્થિતિ જાણવાની કોશિશ કરી, જે પ્લેન ક્રેશ વખતે પેદા થઈ હતી. પાઈલોટ્સે લેન્ડિંગ ગિયર લગાવવાની સાથે પ્લેનની પાંખોને પાછળ ખેંચી. જેમાં જાણવા મળ્યું કે વિંગ ફ્લેપનું સંકોચાવવું, દુર્ઘટનાનું કારણ હોઈ શકે નહીં.

સૂત્રોના હવાલે બ્લૂમબર્ગના રિપોર્ટમાં કહેવાયું છે કે ફ્લાઈટ સિમ્યુલેટરમાં એર ઈન્ડિયાના પાઈલોટ્સે પ્લેનના નીચા પડવા દરમિયાન કઈ કઈ ટેક્નિકલ ખામી આવે છે, તેને જોઈ અને સંભવિત કારણો વિશે જાણ્યું. જો કે એર ઈન્ડિયાએ આ તપાસ અંગે કશું પણ કહેવાની ના પાડી દીધી છે.

રિપોર્ટ મુજબ બોઈંગ ૭૮૭ની ફ્લાઈટ એઆઈ ૧૭૧ના કાટમાળની તસવીરો જોતા ખબર પડે છે કે તેના ફ્લેપ (પાંખો) ખુલ્લા હતા, સંકોચાયેલા નહીં જે પહેલા કહેવાતું હતું. ફ્લેપના કારણે એરક્રાફ્ટને ટેકઓફ દરમિયાન ઉપર જવામાં કે લેન્ડિંગ દરમિયાન ઝડપ ઓછી કરવામાં મદદ મળે છે. રિપોર્ટ દ્વારા તમામ વિશેષજ્ઞોએ સંભાવના જતાવી છે કે ટેક્નિકલ ખામીઓના કારણે પ્લેન ક્રેશ થયું હોઈ શકે છે.

વિમાનન વિશેષજ્ઞ અને પૂર્વ નેવી પાઈલોટ કેપ્ટન સ્ટીવ શિબનરે કહ્યું કે બંને એન્જિનનું એક સાથે ફેલ થવું અકસ્માતનું એક કારણ બની શકે છે. ઉડાણ બાદ તરત જ ram air turbineનો ઉપયોગ ટેકઓફના તરત બાદ બંને એન્જિનના ફેલ થવાની સંભાવના તરફ ઈશારો કરે છે. સિમ્યુલેશનની આ પ્રક્રિયા વિમાન અકસ્માતની થઈ રહેલી અધિકૃત તપાસથી અલગ છે.

એરક્રાફ્ટ એક્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB) વિમાન દુર્ઘટનાના કારણોની તપાસ કરી રહ્યું છે. સૂત્રોનું કહેવું છે કે પ્લેન ક્રેશની સંભવિત સ્થિતિઓ વિશે જાણકારી મેળવવા માટે આ સિમ્યુલેશન કરાયું. દુર્ઘટનાના ફૂટેજના આધારે એર ઈન્ડિયાના પાઈલોટ્સે જાણ્યું કે વિમાનનું લેન્ડિંગ ગિયર થોડું આગળની તરફ ઝૂકેલું હતું. જે દર્શાવે છે કે ટેકઓફ બાદ પૈડાની અંદર આવવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. પરંતુ તે વખતે લેન્ડિંગ ગિયરના દરવાજા ખુલ્યા નહતા. જે સંકેત આપે છે કે વિમાનની અંદર અચાનક પાવર લોસ (ઈલેક્ટ્રિસિટી ફેલ) કે હાઈડ્રોલિક ફેલની સ્થિતિ સર્જાઈ હશે.

પ્લેનનું બ્લેકબોક્સ મળી ચૂક્યું છે અને તેનો ડેટા પણ ડાઉનલોડ થઈ ગયો છે. એવું કહેવાય છે કે આગામી થોડા દિવસમાં સ્પષ્ટ રીતે ખબર પડી જશે કે વિમાન અકસ્માતની અંતિમ પળોમાં શું થયું હતું. છછૈંમ ની દિલ્હી લેબમાં આ અંગે તપાસ ચાલુ છે.

### ૧૨% GST સ્લેબ નાબૂદ થવાની શક્યતા

# ગરીબ અને મધ્યમ વર્ગને મળી શકે છે મોટી રાહત

**સરકાર ૧૨% GST યાદીમાં મોટાભાગની વસ્તુઓને ૫% સ્લેબમાં મૂકવા અથવા ૧૨% સ્લેબને જ સમાપ્ત કરવાનું વિચારી રહી છે**

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ધ્જીમાં મોટી રાહત આપી શકે છે. સરકાર ટેક્સમાં ફેરફાર કરવાનું વિચારી રહી છે. મધ્યમ અને ઓછી આવક ધરાવતા પરિવારોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી આવી વસ્તુઓ પર રાહત આપી શકશે. હાલમાં તેમના પર ૧૨% GST વસૂલવામાં આવે છે. સરકાર ૧૨% GST યાદીમાં મોટાભાગની વસ્તુઓને ૫% સ્લેબમાં મૂકવા અથવા ૧૨% સ્લેબને જ સમાપ્ત કરવાનું વિચારી રહી છે. સામાન્ય લોકો દ્વારા રોજિંદા ઉપયોગમાં લેવાતી મોટાભાગની વસ્તુઓ આ શ્રેણીમાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, GST કાઉન્સિલની આગામી બેઠકમાં આ અંગે નિર્ણય લઈ શકાય છે. આ બેઠક આ મહિને યોજાઈ શકે છે. બેઠક માટે ૧૫ દિવસની નોટિસ આપવાની રહેશે. GST એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ દેશભરમાં એક કર પ્રણાલી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો જેથી વિવિધ કરને એકસાથે જોડી શકાય. પરંતુ હવે ૮ વર્ષ પછી, સરકાર બીજો મોટો ફેરફાર કરવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો સામાન્ય લોકોને થઈ શકે છે. સરકાર હવે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સિસ્ટમમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. ૧૨% ટેક્સ સ્લેબને દૂર કરવાની અને તેની હેઠળ આવતી ઘણી વસ્તુઓને ૫% ટેક્સ હેઠળ લાવવાની યોજના છે. આના કારણે, ચંપલ, મીઠાઈઓ, કેટલાક કપડાં અને ડેરી ઉત્પાદનો જેવી ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે. આ સાથે, કાર, તમાકુ, પાન મસાલા, ઠંડા પીણા વગેરે જેવી મોંઘી વસ્તુઓ પર વધારાના કર ને સીધા GST દરમાં સમાવવાની યોજના છે.આ ફેરફાર સાથે, રોજિંદા વસ્તુઓ સસ્તી થઈ શકે છે, ટેક્સ ચૂકવવાનું અને વર્ગીકરણ સરળ બનશે. સરકાર અને રાજ્યોને કરનો વધુ હિસ્સો મળશે, ઉદ્યોગપતિઓ માટે જટિલતા ઓછી થશે. આ ઉપરાંત, લોકોને કિંમતોમાં પારદર્શિતા જોવા મળશે. જો બધા રાજ્યો સંમત થાય, તો આગામી મહિનાઓમાં દેશભરમાં ઘણી વસ્તુઓ સસ્તી થઈ શકે છે.

### ૨૦ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ માટે ચૂંટણી યોજાઈ

# ભાજપે ૯ રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષની કરી જાહેરાત

**બાકીના રાજ્યોના પ્રમુખોના નામ ૨ દિવસમાં જાહેર થશે**

નવી દિલ્હી, તા.૨

ભાજપ દ્વારા ૨૦ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ માટે ચૂંટણી યોજાઈ છે. ૯ રાજ્યોના પરિણામો જાહેર થઈ ગયા છે. હકીકતમાં, ભાજપે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, પુડુચેરી, આંદામાન-નિકોબાર, મધ્ય પ્રદેશ અને મિઝોરમમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે.

પક્ષના જણાવ્યા મુજબ, બાકીના રાજ્યોના પ્રમુખોના નામ આગામી ૨ દિવસમાં જાહેર કરવામાં આવશે. ચાલો જાણીએ કે આ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે ભાજપના બંધારણ મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા પહેલા, તેના ૩૭ સંગઠનાત્મક રાજ્યોમાંથી ૧૯ માં પ્રમુખોની પસંદગી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેપી નડ્ડા વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમનો ૩ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા પછી, તેમને સતત વિસ્તરણ મળતું રહ્યું. લોકસભા ચૂંટણીને કારણે વર્ષ ૨૦૨૪ માં તેમને ફરીથી કાર્યકાળનું વિસ્તરણ આપવામાં આવ્યું.

તમને જણાવી દઈએ કે મોટાભાગના સંગઠનાત્મક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જરૂરી કોરમ પૂર્ણ થઈ ગયો છે, જોકે, પાર્ટી મોટાભાગના રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી જ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની જાહેરાત કરશે. હાલમાં પીએમ મોદી ૨-૯ જુલાઈ ૨૦૨૫ દરમિયાન વિદેશ પ્રવાસ પર ગયા છે. આવી સ્થિતિમાં, તેમના પરત ફર્યા પછી જ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની સંભાવના છે.

#### ૯ રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષ

| | |
|---|---|
| રવિન્દ્ર ચવ્હાણ | મહારાષ્ટ્ર |
| એન રામચંદ્ર રાવ | તેલંગાણા |
| પીવીએન માધવ ગરુ | આંધ્ર પ્રદેશ |
| મહેન્દ્ર ભટ્ટ | ઉત્તરાખંડ |
| રાજીવ બિંદલ | હિમાચલ પ્રદેશ |
| વીપી રામલિંગમ | પુડુચેરી |
| કે બેચુઆ | મિઝોરમ |
| અનિલ તિવારી | આંદામાન નિકોબાર |
| હેમંત ખંડેલવાલ | મધ્યપ્રદેશ |

### જાણીતી શાળાની ટીચરનો મોટો કાંડ!

# વિદ્યાર્થીને કારમાં બેસાડીને લઈ જતી અને એક વર્ષ સુધી અનેકવાર સેક્સ કર્યું

**આ મામલો મુંબઈની એક મોટી સ્કૂલનો છે જ્યાં ૧૬ વર્ષના વિદ્યાર્થી સાથે અંગ્રેજીની શિક્ષિકા સેક્સ કરતી હતી**

મુંબઈ, તા.૨

આ કિસ્સો ખુબ ચોંકાવનારો છે. શિક્ષિકા અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ માતા-પુત્ર જેવો સંબંધ ગણાય. ગુરુની ભૂમિકા વિદ્યાર્થીના જીવનમાં જરાય કમ નથી. પરંતુ આ જે કિસ્સો સામે આવ્યો છે તેણે આ સંબંધને લાંછન લગાવી દીધુ. એક ૪૦ વર્ષની પરિણીત શિક્ષિકા કે જેના પોતાના પણ બાળકો છે તેણે શાળામાં ૧૧માં ધોરણમાં ભણતા વિદ્યાર્થી સાથે જે કર્યું તે જાણીને તમારું મગજ ચકરાવે ચડી જશે. મનમાં એ સવાલ ઉઠશે કે શું હવે છોકરાઓ પણ સુરક્ષિત નથી? આ મામલો મુંબઈની એક મોટી સ્કૂલનો છે જ્યાં ૧૬ વર્ષના વિદ્યાર્થી સાથે અંગ્રેજીની શિક્ષિકા એક વર્ષ સુધી જબરદસ્તીથી સેક્સ કરતી રહી. આ માટે આ મેડમે તેની એક બહેનપણીની પણ મદદ લીધી. હવે આ મેડમની શારીરિક અપરાધોથી બાળકોના રક્ષણ (POCSO) એક્ટ હેઠળ વિદ્યાર્થીનું અનેકવાર શારીરિક શોષણ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ બધુ એક વર્ષથી થોડા વધુ સમય સુધી ચાલ્યું. તે ધોરણ ૧૧ના સ્ટુડન્ટ્સને ભણાવતી હતી. એક રિપોર્ટ મુજબ પોલીસે અપાયેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે ડિસેમ્બર ૨૦૨૩માં હાઈ સ્કૂલના વાર્ષિક સમારોહ માટે ડાન્સ ગ્રુપ બનાવવા દરમિયાન મેડમ આ વિદ્યાર્થી પ્રત્યે આકર્ષાઈ. જાન્યુઆરી ૨૦૨૪માં તેણે પહેલીવાર શારીરિક સંબંધ બાંધવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ટીચરે એમ કહીને વિદ્યાર્થીનું બ્રેઈન વોશ કર્યું કે આપણે એક બીજા માટે બન્યા છીએ. આ દરમિયાન ટીચરે એન્ગ્ઝાઈટી દૂર કરવા માટે તેને દવા પણ ખવડાવી હતી. છોકરો શરૂઆતમાં ના ના કરતો રહ્યો અને ટીચરથી બચતો રહ્યો. ટીચરે પોતાની એક બહેનપણીને પોતાની સાથે મદદ માટે લીધી અને તેને ફોન કરીને તેને પોતાની રીતે તૈયાર કરવા કહ્યું. તે બહેનપણી શાળા બહારની હતી. તેના ઉપર પણ કેસ કરાયો છે. તેણે સગીર વિદ્યાર્થીને એમ કહીને મનાવ્યો કે આજકાલ મોટી ઉંમરની મહિલાઓ અને કિશોરો વચ્ચે સંબંધ સામાન્ય વાત છે. તેણે એમ પણ કહ્યું કે તે બંને એક બીજા માટે બન્યા છે. ટીચરની આ સખીના ફોન કોલ બાદ વિદ્યાર્થી અંગ્રેજીવાળી મેડમને મળવા માટે રાજી થયો હતો. એવું કહેવાય છે કે મેડમ તેને પોતાની કારમાં સુમસામ જગ્યાએ લઈ ગઈ અને જબરદસ્તીથી કપડાં કાઢી નાખ્યા. તેની સાથે મારપીટ પણ કરી. વિદ્યાર્થીને મુશ્કેલીઓ થવા લાગી તો તે મેડમે તેને દવા પણ ખવડાવી દીધી. આ મેડમ તે વિદ્યાર્થીને સાઉથ મુંબઈ અને એરપોર્ટ પાસેની અનેક ફાઈવ સ્ટાર હોટલોમાં લઈ જવા લાગી. ત્યાં અનેકવાર તેણે શારીરિક સંબંધ બાંધ્યા. પોલીસે જણાવ્યું કે તે સંબંધ બાંધતા પહેલા તેને દારૂ પણ પીવડાવતી હતી. ટીચરની ધરપકડે શાળા પ્રશાસનને પણ ચોંકાવી દીધુ. આ સ્કૂલમાં અનેક મશહૂર હસ્તીઓ ભણી ચૂકી છે. થોડા મહિના બાદ વિદ્યાર્થીના પરિવારે તેના વ્યવહારમાં ફેરફાર જોયો. પૂછવામાં આવ્યું તો બાળકે તે ટીચર વિશે ઘણું બધુ જણાવી દીધુ. પરિવારે વિચાર્યું કે તેને સ્કૂલ પાસ કરવામાં ગણતરીના મહિના બાકી છે આથી ચૂપ રહેવું ઠીક છે. આ વર્ષની શરૂઆતમાં છોકરાએ પરીક્ષા પાસ કરી અને શાળા છોડી દીધી. જો કે તે ડિપ્રેશનમાં જતો રહ્યો. મેડમ આમ છતાં માની નહીં. તેણે એક ઘરેલુ સહાયક દ્વારા બાળકનો સંપર્ક કર્યો. પરિવારને લાગ્યું કે તે બાળકનો પીછો છોડશે નહીં ત્યારે પોલીસને સૂચના આપવામાં આવી.

### ICMR અને AIIMS ના રિપોર્ટમાં મોટો ખુલાસો

# કોવિડ વેક્સીનના કારણે નથી થઇ રહ્યા હાર્ટ એટેક

**ICMR અને AIIMS ના તાજેતરના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે રસી અને હાર્ટ એટેક વચ્ચે કોઈ સીધો સંબંધ નથી**

નવી દિલ્હી, તા.૨

કોરોનાકાળમાં અનેક લોકોના પ્રિયજનો તેમનાથી દૂર થયા છે. એટલુ જ નહીં કોરોના વેક્સીન લીધા પછી તો હાર્ટ એટેકના કેસોમાં પણ વધારો જોવા મળ્યો હતો. જેના કારણે દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચા થઈ રહી હતી કે કોવિડ-૧૯ રસી લીધા પછી ઘણા યુવાનો અચાનક મૃત્યુ પામી રહ્યા છે. આ અંગે અનેક પ્રકારની અફવાઓ અને ભય ફેલાઈ રહ્યા હતા. જો કે આ મામલે મોટો ખુલાસો થયો છે.

કોરોના પછી હાર્ટ એટેકના કેસ ઝડપથી સામે આવી રહ્યા છે. કેટલાકને ચાલતી વખતે હાર્ટ એટેક આવી રહ્યા છે અને કેટલાકને બેઠા બેઠા. આ સતત વધી રહેલા કેસ અંગે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ કોવિડ રસીને કારણે થઈ રહ્યું છે.પરંતુ હવે દેશની બે સૌથી મોટી તબીબી સંસ્થાઓ ICMR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) અને AIIMS (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ) એ આ મુદ્દા પર એક મોટી અને ઊંડી તપાસ કરી છે, જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કોવિડ રસી અને અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી.ICMR એ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિઓલોજી સાથે મળીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોના નમૂના લેવામાં આવ્યા છે. તેમનું ૧ ઓક્ટોબર, ૨૦૨૧ થી ૩૧ માર્ચ, ૨૦૨૩ ની વચ્ચે અચાનક મૃત્યુ થયું હતું.

ICMR અને Aiims નો રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ટીવી અભિનેત્રી શેફાલી જરીવાલાના મૃત્યુનો મામલો ચર્ચામાં છે. તેના અચાનક મૃત્યુને કારણે અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. કોવિડ રસીને મૃત્યુનું કારણ માનવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત, કર્ણાટકના હાસન જિલ્લામાં થઈ રહેલા મૃત્યુથી દરેક ડરી ગયા હતા. અહીં છેલ્લા ૪૦ દિવસમાં ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો યુવાન અથવા મધ્યમ વયના હતા.આ અહેવાલ અંગે, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશમાં ઘણી એજન્સીઓ દ્વારા અચાનક મૃત્યુના કેસોની તપાસ કરવામાં આવી છે, જે સાબિત કરે છે કે કોવિડ-૧૯ રસીકરણના સમાચાર અને દેશમાં અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી.અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે યુવાનોમાં તાજેતરના મૃત્યુ વિવિધ પરિબળોનું પરિણામ હોઈ શકે છે, જેમાં આનુવંશિકતા, જીવનશૈલી, પહેલાથી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ અને કોવિડ પછીની ગૂંચવણો શામેલ છે.આ અહેવાલ પહેલાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ પણ કહ્યું હતું કે અચાનક મૃત્યુનું કારણ કોવિડ રસી નથી. તે દરમિયાન નડ્ડાએ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના એક અહેવાલને ટાંકીને કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે રસીકરણથી જોખમ વધ્યું નથી પરંતુ તેને ઘટાડ્યું છે.

### બીજી ટેસ્ટમાં કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરી ટીમ ઇન્ડિયા

નવી દિલ્હી, તા.૨

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો છે. એટલે કે શુભમન ગિલની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયા પહેલા બેટિંગ કરવા ઉતરી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ કાળી પટ્ટી બાંધીને મેદાને ઉતરી છે. આવું કરીને ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડના ખેલાડી ભૂતપૂર્વ ઈંગ્લિશ ક્રિકેટર વેન લાર્કિન્સને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. જેનું નિધન ૨૮ જૂને થઈ ગયું હતું.ઈંગ્લેન્ડ અને નોર્થમ્પ્ટનશાયરના ભૂતપૂર્વ બેટ્સમેન વેન લાર્કિન્સનું ૭૧ વર્ષની વયે બીમારીના કારણે નિધન થયું હતું. ૧૯૭૯ અને ૧૯૯૧ વચ્ચે, નેડ નામથી જાણીતા લાર્કિન્સે ૧૩ ટેસ્ટ અને ૨૫ વનડે ઈન્ટરનેશનલ મેચમાં ભાગ લીધો હતો. ઈંગ્લેન્ડ માટે તેનું બીજું પ્રદર્શન ૧૯૭૯ના વર્લ્ડ કપ ફાઈનલમાં હતું, જેમાં તેણે નંબર ૭ પર બેટિંગ કરી અને બે ઓવર બોલિંગ પણ કરી હતી.ટીમ ઈન્ડિયા આ સિરીઝમાં ચોથી વાર કાળી પટ્ટી બાંધીને ઉતરી છે. આ પહેલા હેડિંગ્લીમાં પણ બંને ટીમ કાળી પટ્ટી બાંધીને ઉતરી હતી. પહેલી ટેસ્ટના પહેલા દિવસે ટીમ ઈન્ડિયાએ અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાર બાદ ત્રીજા દિવસે ભૂતપૂર્વ ક્રિકેટર ડેવિડ લોરેન્સને શ્રદ્ધાંજલિ અને પાંચમા દિવસે ભારતીય ટીમે ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ જોશીના નિધન પર શ્રદ્ધાંજલિ આપી હતી.

બંને ટીમોની પ્લેઈંગ XI:

ભારતીય ટીમ : યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, કરુણ નાયર, શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, આકાશ દીપ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણ.

ઈંગ્લેન્ડની ટીમ : જેક ક્રાઉલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, હેરી બ્રૂક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), ક્રિસ વોક્સ, બ્રાયડન કાર્સ, જોશ ટંગ, શોએબ બશીર.

### શિક્ષણ વિભાગનો મહત્વનો નિર્ણય

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અમલમાં આવશે બેગલેસ ડે

## બાળકોમાં રહેલી સુશુપ્ત પ્રતિભાને ઉજાગર કરવા માટે ગુજરાત શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે

ગાંધીનગર, તા.૨

બાળકોની કલા પ્રતિભાને ખીલલવા માટે ગુજરાત શિક્ષણ બોર્ડ એક મહત્વનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં બેગલેસ ડેનું સેલિબ્રેશન થશે. જેમાં બાળકો દર શનિવારે સ્કૂલબેગ પુસ્તકો વિના શાળાએ આવશે અને આ બાળકોને પુસ્તકના જ્ઞાન સિવાયની ઈત્તર પ્રવૃતિ કરાવવામાં આવશે. ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં આવતા શનિવાર ( ૫ જુલાઈ)થી નો સ્કૂલબેગનો અમલ થશે. ઉલ્લેખનિય છે કે, ન્યુ એજન્યુકેશન પોલિસી ૨૦૨૨ના નિયમની ધીમે ધીમે ગુજરાતમાં અમલવારી શરૂ થઈ રહી છે.

ન્યુ એજ્યુકેશન પોલીસીના હેઠળ બાળકોને દર શનિવારે હવે સ્કૂલ બેગ વિના જ બાળકોને સ્કૂલે બોલાવવામા આવશે અને બાળકોની અન્ય પ્રતિભાને ખીલલવાનો પ્રયાસ કરાશે, બેગલેસ ડે શરૂ કરવાનો ઉદેશ બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. શનિવારના દિવસે શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ નહિ પરંતુ માત્ર ધ્યાન ઈતર પ્રવૃત્તિઓ જ કરાવવામાં આવશે.

૫ જુલાઈથી આ નિયમને અમલી કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જો કે સ્કૂલબેગલેસ આ દિવમસાં બાલકોને ખાસ કઈ કઈ પ્રવૃત્તિ કરાવવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જો કે બેગલેસ ડે શબ્દ જ બધું જ સૂચવી જાય છે માટે આ દિવસે બાળકોને શિક્ષણ સિવાયની બધી જ પ્રવૃત્તિ કરાવવામાં આવશે. જેમાં ચિત્રકળા, નૃત્યુ, સંગીત યોગ, કસરસતો, મેદાની રમતો સહિતની પ્રવૃતિનો સમાવેશ થઈ શકે છે. આ અંગે કમિટીના નિર્ણય બાદ સ્પષ્ટતા થશે. ઉલ્લેખનિય છે કે હાલ આ નિર્ણય બાગ શાળામાં બાળકોને શારીરિક કસરતો, યોગ, બાલસભાનું આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. બેગલેસ ડેના સેલિબ્રેશનનો ઉદેશ ન માત્ર બાળકોને ઈત્તર પ્રવૃતિ કરાવીને તમને અન્ય કલા પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે પરંતુ આ સાથે બાળકો ભાણ વગરનું ભણતર ગ્રહણ કરે અને માનસિક હળવાશ સાથે અભ્યાસ કરે તેવો ફણ છે. વીકએન્ડને આનંદમય બનાવતા બાળકો માનસિક રીતે પણ પ્રફુલ્લિત રહેશએ અને જેથી સોમવારથી વધુ સારી રીતે અને એકાગ્રચિતે અભ્યાસ કરી શકે. બેગ ડેથી બાળકો તણાવ મુક્ત થાય તેવો ઉદેશ પણ છે. તો આગામી ૫ જુલાઈથી જ દર શનિવારે બેગલેસ ડેની પ્રાથમિક શાળામાં ઉજવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### મુસાફરોને ખાસ પ્રકારની સુવિધાઓ મળી રહેશે

# સુરતમાં દેશનું પ્રથમ સોલાર સંચાલિત બસ સ્ટેન્ડ તૈયાર

## સુરતનું નવું નજરાણું બનશે ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો રૂફટોપ સોલાર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે

સુરત,તા.૨

સુરતઃ સ્વચ્છ સિટી, સોલાર સિટી અને સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરતની યશકલગીમાં હવે વધુ એક ઉમેરો થવા જઈ રહ્યો છે. સ્માર્ટ સિટી સુરતના અલથાણ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત દેશનું પ્રથમ 'સ્માર્ટ બસ સ્ટેશન' સુરતનું નવું નજરાણું બનશે. ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો રૂફટોપ સોલાર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે.



આ વિશે વધુ વિગત આપતા લાઈટ એન્ડ એનર્જી એફિસેસિસ સેલના કાર્યપાલક ઈજનેર શ્રી પ્રકાશભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, સુરતના અલથાણ વિસ્તારમાં તૈયાર કરાયેલા દેશનું પ્રથમ સૌર ઊર્જા આધારિત ઈલેક્ટ્રિક બસ ડેપો ખાતે ૧૦૦ કિલોવોટ ક્ષમતા ધરાવતા રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ અને પ્રતિ કલાકે ૨૨૪ કિલોવોટ ક્ષમતા ધરાવતી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) સ્થાપિત કરવામાં આવી છે. અંદાજિત રૂ. ૧.૬૦ કરોડના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે જર્મન સહાય સંસ્થા GIZના સહકારથી અમલમાં મૂકાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''આ પ્રોજેક્ટ અંતર્ગત દિવસ દરમિયાન સૌર ઊર્જાથી જનરેટ થતી વીજળી સેકન્ડ લાઈફ બેટરીમાં સંગ્રહિત થાય છે. રાત્રિ દરમિયાન ઈલેક્ટ્રિક બસોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. પરિણામે ગ્રીડ પરનો ભાર ઘટે છે અને નવીનીકરણીય ઊર્જાનો વધુ પડતો ઉપયોગ શક્ય બન્યો છે.'' આ પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ જણાવતા તેમણે કહ્યું કે, ઈલેક્ટ્રિક બસ ડેપો થકી વાર્ષિક અંદાજે ૧ લાખ વીજ યુનિટનું ઉત્પાદન થશે અને આશરે રૂ. ૬.૬૫ લાખની ઊર્જા બચત થશે. એટલે પર્યાવરણીય દૃષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ન માત્ર સુરત શહેર માટે પરંતુ સમગ્ર દેશ માટે શ્રેષ્ઠ ઉદાહરણરૂપ બનશે.

તેમણે કહ્યું કે, ''આ માત્ર ટેકનોલોજીનો ઉપયોગ નથી, પણ પબ્લિક ટ્રાન્સપોર્ટને ગ્રીન અને સસ્ટેનેબલ બનાવવાનો પ્રયાસ છે. હાલ જે વપરાયેલી બેટરીઓને ફરી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. એ વસ્તુઓનો પુનઃઉપયોગ કરીને વધુ ટકાઉ બનાવવાનો પ્રયાસ છે. જેથી આ પ્રોજેક્ટ સમગ્ર દેશ માટે રોલ મોડેલ સમાન સાબિત થશે. સુરત મહાનગરપાલિકા તરફથી નેટ ઝીરો એનર્જી અને સસ્ટેનેબલ એનર્જી માટેના લક્ષ્યાંકો હાંસલ કરવાની દિશામાં આ પ્રોજેક્ટ એક મહત્ત્વપૂર્ણ કડી બનશે.''

સુરત મહાનગરપાલિકા દ્વારા અલથાણ વિસ્તારમાં અમલમાં મૂકાયેલો સૌર ઊર્જા આધારિત સ્માર્ટ બસ સ્ટોપ હવે રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચી રહ્યો છે. Wi-Fi, મોબાઈલ ચાર્જિંગ, LED લાઈટ્સ, પંખા અને CCTV જેવી સુવિધાઓ સાથે સજ્જ આ બસ સ્ટોપ પબ્લિક ટ્રાન્સપોર્ટને હરિત અને ટેકનોલોજીકલ રીતે સમૃદ્ધ બનાવે છે. ઊર્જા બચત અને પર્યાવરણીય લાભો સાથે સંકળાયેલો આ પાયલોટ પ્રોજેક્ટ હવે દેશભરના શહેરો માટે પ્રેરણારૂપ મોડેલ બની રહ્યો છે.સૌર ઊર્જા અને સેકન્ડ લાઈફ બેટરી સ્ટોરેજના સંકલન દ્વારા આ પ્રોજેક્ટ શહેરમાં હરિત જાહેર પરિવહનને પ્રોત્સાહન આપે છે. દિવસ દરમિયાન સંગ્રહાયેલ સૌર ઊર્જા, રાત્રિ સમયે ઈલેક્ટ્રિક બસો અને વાહનોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લઈ શકાશે, જેના કારણે વીજ ગ્રીડ પરનો ભાર ઘટશે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન મોબિલિટી અને નેટ ઝીરોના લક્ષ્યાંકો ઝડપથી આગળ વધશે. સાથે જ, જૂની બેટરીઓનો પુનઃઉપયોગ કરીને પરિપ્રેક્ષ્ય અર્થતંત્રના સિદ્ધાંતોને પણ બળ મળશે. આ મોડેલ ભવિષ્યના શહેરી ઈલેક્ટ્રિક વાહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સ્કેલેબલ અને ટકાઉ માર્ગદર્શક રૂપે ઉભરી શકે તેવા લક્ષણો ધરાવે છે.ઉલ્લેખનીય છે કે, સુરત મહાનગરપાલિકાના અલથાણ ઈલેક્ટ્રિક બસ ડેપો માટે અમલમાં મૂકાયેલા સૌર ઊર્જા અને બેટરી સ્ટોરેજના સંયોજનથી મહાનગર પાલિકાને વાર્ષિક અંદાજે ૧,૦૦,૦૦૦ કિ.વો.અવર વીજળીનું ઉત્પાદન થશે. જેના પરિપ્રેક્ષ્યમાં અંદાજિત રૂ. ૬.૫૬ લાખની ઊર્જા બિલમાં બચત શક્ય બનશે. આ અર્થતંત્ર યુક્ત ગ્રીન ટેક્નોલોજી માત્ર સુરત માટે નહીં, પરંતુ શહેરી પરિવહન માટે એક ટકાઉ વિકલ્પ રૂપે લાભદાયક સાબિત થશે.

### રોગચાળાનું કારણ જાણવામાં તંત્ર નિષ્ફળ

# દહેગામમાં એકાએક ૧૨૨ વિદ્યાર્થીઓને આંખે ઓછું દેખાવવાની ફરિયાદ

## કુલ ૨૨૫ બાળકોમાંથી ૧૨૨ બાળકો આ તકલીફોથી પ્રભાવિત થયા હતા

અમદાવાદ,તા.૨

દહેગામ તાલુકાના ઝાંક ગામમાં આવેલી જે.એમ. દેસાઈ વિદ્યામંદિરના બાળકોમાં આંખમાં ખંજવાળ, લાલાશ, બળતરા અને ડબલ વિઝન જેવી તકલીફો જોવા મળતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. કુલ ૨૨૫ બાળકોમાંથી ૧૨૨ બાળકો આ તકલીફોથી પ્રભાવિત થયા હતા.જેમને ગાંધીનગર સિવિલમાં રાત્રે ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા બાદ મંગળવારે સવારે તમામનું સ્ક્રીનિંગ કર્યા બાદ તે પૈકી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે. જ્યારે બે બાળકોને પણ હજુ આડ અસર છે.

ઝાંકમાંથી આ ઘટના સામે આવ્યા બાદ, જિલ્લા કક્ષાની ટીમ અને કડાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે તાત્કાલિક શાળાની મુલાકાત લીધી હતી. પ્રાથમિક તપાસ અને સારવાર સ્થળ પર જ આપવામાં આવી હતી. ત્યારબાદ, ૧૨૨ બાળકોને વધુ તપાસ અને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા અને દાખલ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, તમામ બાળકોની તબિયત હાલ સુધારા પર છે. તેમાંથી ૧૨૦ બાળકોને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બે બાળકોને વધુ સારવાર માટે ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.સોમવારે રાત્રે તબક્કાવાર ગાંધીનગર સિવિલમાં તમામ બાળકોને દાખલ કરવામાં આવ્યા હતા અહીં તબીબી સેવા ઉપરાંત સિવિલ તંત્ર દ્વારા આ બાળકોને ભોજન અને સવાર-બપોર ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સિવિલમાં લેવામાં આવેલા બ્લડની તપાસ સિવિલમાં કરવામાં આવતા આ તમામ બાળદર્દીઓને રોગચાળા અંતર્ગત કિડની તથા લીવરમાં કોઈ આડઅસર થઈ નથી તેવું રિપોર્ટ ઉપરથી સાબિત થાય છે.

ઝાંકની સ્કૂલના ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓને આ વિચિત્ર વિઝન રોગચાળાની આડ અસર થઈ હતી. જેના પગલે ગઈકાલે આ તમામ વિદ્યાર્થીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા અહીં તેમને સારવાર આપવામાં આવી હતી તથા લોહી-યુરીન સહિતના વિવિધ સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. તો બીજીબાજુ આરોગ્ય તંત્ર દ્વારા પણ સ્કૂલ તથા છાત્રાલયમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા છે. ફૂડતંત્ર દ્વારા સોમવારે મોડી રાત્રે ચાર સેમ્પલ લેવામાં આવ્યા છે. અલગ અલગ તંત્ર દ્વારા ફક્ત સેમ્પલ લઈને તેને લેબોરેટરીમાં મોકલી આ પરિક્ષણના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. કોઈ પણ તંત્ર સ્પષ્ટ રીતે આ રોગચાળો કઈ રીતે ફેલાયો છે અને તે ફેલાવા પાછળ કયું તત્ત્વ જવાબદાર છે તે અંગે કહીં કહી શક્તુ નથી. વિદ્યાર્થીને આડ અસર થયે ૨૪ કલાકથી વધુનો સમય થઈ ગયો છતા તંત્ર પાસે આ રોગચાળાનું સાચુ કારણ નથી જે વહિવટી તંત્રની નિષ્ફળતા સૂચવે છે.

# SC-STને નોકરીમાં મળશે પ્રાધાન્ય
# ૭૫ વર્ષમાં પહેલીવાર સુપ્રીમ કોર્ટ દ્વારા લેવાયો મોટો નિર્ણય

## કુલ ૪૩૭ જગ્યાઓમાંથી ૬૫ SC, ૩૨ ST માટે અનામત

નવી દિલ્હી, તા.૨

૨૪ જૂને પસાર કરાયેલા પરિપત્રમાં પદોના અનામત અંગે માહિતી આપવામાં આવી છે. હવે દર વર્ષે થતી ભરતીમાં ૧૫% SC અને ૭.૫% ST અનામત લાગુ પડશે. આવી સ્થિતિમાં, કુલ ૩૦ પદો SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, ૧૫ પદો ST વર્ગ માટે અનામત રહેશે. સામાજિક ન્યાયની માંગને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ દ્વારા આ મહત્વપૂર્ણ નિર્યણ લેવામાં આવ્યો છે. લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી કે કોર્ટ ભરતીમાં પણ ક્વોટા લાગુ કરવામાં આવે. કોર્ટ દ્વારા આપવામાં આવેલ ભરતીની વિગતોમાં જણાવવામાં આવ્યું છે કે સિનિયર પર્સનલ આસિસ્ટન્ટની ૯૪ પદો માટેની ભરતીમાં, ૧૪ જીઝ ક્વોટા માટે હશે. આ ઉપરાંત, ૬ પદો ST ક્વોટા માટે અનામત રહેશે. ૭૪ પદો બિન-અનામત રહેશે. તેવી જ રીતે, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન માટે ૨૦ જગ્યાઓમાંથી ૩ SC અને ૧ ST ક્વોટામાં રાખવામાં આવી છે. જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની વાત કરીએ તો, કુલ ૪૩૭ જગ્યાઓ છે, જેમાંથી ૬૫ જગ્યાઓ SC માટે અનામત રહેશે. આ ઉપરાંત, ૩૨ જગ્યાઓ ST માટે રહેશે. ૩૪૦ જગ્યાઓ બિનઅનામત રહેશે. એટલું જ નહીં, જુનિયર કોર્ટ આસિસ્ટન્ટની ૨૦ જગ્યાઓ પર પણ ક્વોટા લાગુ પડશે. જુનિયર કોર્ટ એટેન્ડન્ટની ૬૦૦ જગ્યાઓ પર અનામત લાગુ પડશે. આ ઉપરાંત ચેમ્બર એટેન્ડન્ટની જગ્યા પર પણ ક્વોટા લાગુ પડશે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે જો અનામતનો નિયમ લાગુ નહીં થાય તો રજિસ્ટ્રારને ફરિયાદ કરવી.

# ગૌતમ ગંભીર શોમાં પોતાની પ્રોફેશનલ લાઇફ સાથે જોડાયેલી વાતો શેર કરતાં જોવા મળી રહ્યા છે

મુંબઈ, તા.૦૨

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો આગામી એપિ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો આગામી એપિસોડ મનોરંજન, હાસ્ય અને રોમાંચથી ભરપૂર હશે. કપિલ શર્મા શોના આગામી એપિસોડમાં ઘણા દિગ્ગજ ભારતીય ક્રિકેટરો જોવા મળશે, જેમાં ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીર અને ઋષભ પંત, અભિષેક શર્મા અને યુઝવેન્દ્ર ચહલ સહિત અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેઓ પોતાના ખાસ અંદાજમાં શોમાં આકર્ષણ વધારશે. શોનો પ્રોમો જોઈને ચાહકો એક્સાઈટેડ થયા છે. પ્રોમોમાં કપિલ શર્મા ક્રિકેટર્સને પૂછતાં જોવા મળી રહ્યા છે. ડ્રેસિંગ રૂમનો સીન કેવો હોય છે? શું ગૌતમભાઈ તમારા દરેક સાથે ગંભીર હોય છે? કપિલના આ સવાલ પર ઋષભ પંતે હસતાં હસતાં કહ્યું કે, મેચમાં જ્યારે ઉતાર-ચઢાવ આવે છે, ત્યારે દરેક પરેશાન થઈ જાય છે. તેમાં કોઈ મોટી વાત નથી. ઋષભ પંત પોતાની વાત પૂરી કરી જ રહ્યા હોય છે, ત્યારે ગૌતમ ગંભીરે કપિલને રમૂજી અંદાજમાં કટાક્ષ કરતાં કહ્યું કે, આ એવું જ છે, કે જેમ ક્યારેક તમારો શો નથી ચાલતો, તો તમે તેમના પર કેવી



પ્રતિક્રિયા આપો છો. ગૌતમ ગંભીર શોમાં પોતાની પ્રોફેશનલ લાઈફ સાથે જોડાયેલી વાતો શેર કરતાં જોવા મળી રહ્યા છે. એક કિસ્સો સંભળાવતા તેમણે કહ્યું કે, મોટાભાગે લોકો કહે છે કે, હું ફિલ્ડમાં લડાઈ લડું છું, પરંતુ હું આખરે કોના માટે લડું છું? 'લડાઈ ક્યારેય મારા પોતાના કારણે નથી થતી. આ મારા દેશ માટે થાય છે.' ગૌતમ ગંભીરની આ વાત પર બધા ગંભીરની પ્રશંસા કરતાં જોવા મળ્યા. ઉલ્લેખનીય છે કે, આ અપિસોડની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. કપિલના શોમાં એક સાથે ઘણા ક્રિકેટર્સને જોવા, તેમના જીવન વિશે જાણવું એ ચાહકો માટે એક ટ્રીટથી ઓછું નહીં હોય.

### કાજોલની ફિલ્મ 'મા' અને અક્ષયની 'કનપ્પા'ની કમાણી ઘટતી ચાલી

# ૪ દિવસમાં ૧૪૦૦ કરોડનો આંકડો પાર કરીને બ્રાડ પીટની આગેકુચ

## મુકેશ કુમાર સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કનપ્પા' બનાવવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે

મુંબઈ, તા.૦૨

કાજોલે તેની તાજેતરની ફિલ્મ 'મા' સાથે પહેલીવાર હોરર-થ્રિલર શૈલીમાં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મ એક માતાની વાર્તા છે જે તેની પુત્રીને ગામના રાક્ષસનો શિકાર બનતા બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે, જેની સામે ત્યાં જન્મેલી છોકરીઓનું બલિદાન આપવામાં આવે છે. તે જ સમયે, અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં ભગવાન શિવની ભૂમિકામાં દેખાયા છે, જેમાં તેમના સિવાય વિષ્ણુ મંચુ, પ્રભાસ, મોહનલાલ, કાજલ અગ્રવાલ, મોહન બાબુ જેવા ઘણા મહાન કલાકારો છે. આ બે ફિલ્મો ઉપરાંત, બ્રેડ પિટની હોલીવુડ ફિલ્મ 'એફ ૧' પણ સિનેમાઘરોમાં પોતાની છાપ છોડવાનો પ્રયાસ કરી રહી છે.મુકેશ કુમાર સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કનપ્પા' બનાવવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ ફિલ્મ એક સામાન્ય નાસ્તિક આદિવાસી કન્નપ્પા નામના શિવ ભક્ત બનવાની વાર્તા છે. આ ફિલ્મની વાર્તા થિનાડુ (વિષ્ણુ મંચુ) ની આસપાસ ફરે છે જે એક આદિવાસી છે અને બાળપણથી જ દેવી-દેવતાઓમાં શ્રદ્ધા ગુમાવી દે છે કારણ કે તેણે નાની ઉંમરે પોતાના મિત્રનું બલિદાન આપતા જોયા છે. જ્યારે તે નાસ્તિક બને છે, ત્યારે પાર્વતી કૈલાશ પર્વત પર ભગવાન શિવ (અક્ષય કુમાર) ને થિનાડુના નાસ્તિકતા વિશે પૂછે છે અને પૂછે છે કે શું તે ક્યારેય આસ્તિક બનશે? આ સાથે, થિનાડુના જીવનમાં કંઈક એવું બને છે કે વાર્તા પલટાઈ જાય છે.'કનપ્પાની કમાણી પહેલા જ સોમવારે ભારે ઘટી ગઈ હતી. અહેવાલ મુજબ, આ ફિલ્મે ચોથા દિવસે ૨.૫૦ કરોડની કમાણી કરી હતી જેમાં તમિલથી તેલુગુ, હિન્દી, કન્નડ અને મલયાલમ સુધીની પાંચેય ભાષાઓનો સંગ્રહ શામેલ છે. એકંદરે, સ્થાનિક બોક્સ ઓફિસ પર કમાણી લગભગ ૨૫.૯૦ કરોડ રહી છે. બીજી તરફ, જો આપણે આ ફિલ્મના વિશ્વવ્યાપી કલેક્શન પર નજર કરીએ તો, તેણે ત્રણ દિવસમાં ૩૧.૫૦ કરોડની કમાણી કરી હતી, જે ચોથા દિવસે લગભગ ૩૪ કરોડ



થઈ ગઈ છે. જો આપણે ફક્ત વિદેશમાં કમાણીની વાત કરીએ તો, આ આંકડો ૪.૦૦ કરોડને વટાવી ગયો છે.ગયા શુક્રવારે રિલીઝ થયેલી વિશાલ ફુરિયા દ્વારા નિર્દેશિત હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની કમાણી પણ આવી જ સ્થિતિમાં રહી છે. કાજોલની હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની વાર્તા ગામમાં રાક્ષસ સામે દીકરીઓનું બલિદાન આપવાની પરંપરા વિરુદ્ધ વણાયેલી છે, જેને એક અલગ શૈલીમાં ડરામણી વાર્તા સાથે વણાયેલી છે. કાજોલના અભિનયના વખાણ થઈ રહ્યા છે, પરંતુ હોરરના નામે, આ ફિલ્મ લોકોને ડરાવવામાં નિષ્ફળ ગઈ છે. તેના પતિના મૃત્યુ પછી, અંબિકા (કાજોલ) ની પુત્રી શ્વેતા (કરિન શર્મા) ગામ જવા માંગે છે, પરંતુ આ નિર્ણય ઘણી મુશ્કેલીઓને આમંત્રણ આપી રહ્યો છે.લગભગ ૫૫-૬૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ પહેલા સોમવારે માત્ર ૨.૨૫ કરોડની કમાણી કરી શકી. તેણે કુલ ૧૯.૯૦ કરોડનું કલેક્શન કર્યું છે. ત્રણ દિવસમાં, ફિલ્મે વિશ્વભરમાં ૨૪.૫૦ કરોડની કમાણી કરી છે. ચોથા દિવસે, આ કલેક્શન લગભગ ૨૭ કરોડ સુધી પહોંચી ગયું છે.બ્રૅડ પિટની હોલીવુડ ફિલ્મ સુપરફાસ્ટ બનીઆ બે ફિલ્મોની સાથે, બ્રૅડ પિટની હોલીવુડ ફિલ્મે પણ એન્ટ્રી કરી છે, જે એક અમેરિકન સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'એફ ૧' છે. આ ફિલ્મ અન્ય બે ફિલ્મો પર મજબૂત પકડ જાળવી રહી છે. પહેલા સોમવારે આ ફિલ્મે ૩.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી અને ભારતમાં કુલ ૨૪.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### આંતકવાદ વિરુદ્ધ QUADની 'એકતા'

# ક્વાડના વિદેશ મંત્રીઓએ પહલગામ હુમલાની કરી નિંદા

## અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ

નવી દિલ્હી, તા.૦૨

QUAD દેશો એટલે કે અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ બુધવારે એક સંયુક્ત નિવેદનમાં 22 એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. આ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓએ 26 નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ આ ઘટનાને નિંદનીય ગણાવી હતી. ક્વાડના વિદેશ મંત્રીઓના સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'ક્વાડ સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદ અને હિંસાની નિંદા કરે છે. અમે તેના તમામ સ્વરૂપોમાં નિંદા કરીએ છીએ અને આતંકવાદ સામે લડવામાં સહયોગ કરવાની અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમે 22 એપ્રિલ, 2025 ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ, જેમાં 25 ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિક માર્યા ગયા હતા જ્યારે ઘણા ઘાયલ થયા હતા.'નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ. અમે માંગ કરીએ છીએ કે આ નિંદનીય કૃત્યના ગુનેગારો, આયોજકો અને નાણાકીય સહાયકોને કોઈપણ વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવે અને સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળ તેમની જવાબદારીઓ અનુસાર આ સંદર્ભમાં તમામ સંબંધિત અધિકારીઓ સાથે સક્રિયપણે સહયોગ કરવા હાકલ કરીએ છીએ.'વોશિંગ્ટનમાં ક્વાડ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે કહ્યું હતું કે, 'આપણે બધા ખુલ્લા અને સ્વતંત્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને પસંદગીની સ્વતંત્રતા હોવી જોઈએ જેથી તેઓ વિકાસ અને સુરક્ષા અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે. છેલ્લા કેટલાક મહિનામાં આપણે ક્વાડ પહેલમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.' વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે, 'દુનિયાએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ દાખવવું જોઈએ. આતંકવાદનો ભોગ બનેલા લોકોની સરખામણી ક્યારેય આતંક ફેલાવનારાઓ સાથે ન કરવી જોઈએ. ભારતને તેના લોકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને અમે આ અધિકારનો ઉપયોગ કરીશું.'

### ઈરાન-ઈઝરાયલ બાદ ટ્રમ્પનો ફરી મોટો દાવો

# 'ગાઝામાં ૬૦ જ દિવસમાં કરાવીશું સીઝફાયર'

## નેતન્યાહૂની અમેરિકન યાત્રા ઈરાનની ન્યૂક્લિયર ફેસિલિટી પર અમેરિકન હુમલા બાદ જ થઈ રહી છે

નવી દિલ્હી, તા.૦૨

ઈરાન-ઈઝરાયલ બાદ હવે ગાઝામાં પણ શાંતિ આવી શકે છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈઝરાયલે ગાઝામાં ૬૦ દિવસના યુદ્ધ વિરામ પર સંમતિ દર્શાવી છે. જોકે, આ માટે અમુક શરતો પણ મૂકી છે. આ મામલે ટ્રમ્પે હમાસને પણ ચેતવણી આપતા કહ્યું કે, સ્થિતિ વધુ વકરે તે પહેલાં સમજૂતી સ્વીકારી લે.અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કહ્યું કે, 'મારા પ્રતિનિધિઓએ આજે ગાઝા ઈઝરાયલના મુદ્દે ઈઝરાયલના નેતાઓ સાથે એક લાંબી અને કારગર બેઠક કરી. ઈઝરાયલે ૬૦ દિવસના યુદ્ધવિરામને અંતિમ રૂપ આપવા માટે જરૂરી શરતો પર સંમતિ વ્યક્ત કરી છે, જે દરમિયાન અમે યુદ્ધ ખતમ કરવા માટે તમામ પક્ષો સાથે વાત કરીશું. કતર અને મિસ્રના નેતાઓ, જેણે શાંતિ લાવવામાં ખૂબ મહેનત કરી છે, તેઓ આ અંતિમ પ્રસ્તાવને રજૂ કરશે. મને આશા છે કે, મિડલ ઈસ્ટના સારા માટે હમાસ આ સમજૂતી સ્વીકારી લેશે, કારણ કે જો તે આવું નથી કરતું તો સ્થિતિ વધુ ખરાબ બની જશે.'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાત જુલાઈએ વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલ પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂની મેજબાની કરશે. 'વ્હાઈટ હાઉસ' દ્વારા આ વાતની પુષ્ટી કરવામાં આવી છે. ટ્રમ્પ ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ માટે પોતાના પ્રયાસ તેજ કરી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૫માં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં પરત ફર્યા હતા, ત્યારબાદથી નેતન્યાહૂની વ્હાઈટ હાઉસની ત્રીજી યાત્રા હશે. આ મુલાકાત ગાઝામાં યુદ્ધવિરામ અને ઈરાનની ક્ષેત્રીય ગતિવિધિઓ અને રાજકીય સંબધોના વિસ્તાર પર કેન્દ્રીત હશે. ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં જ સંઘર્ષને ખતમ કરવા માટે નવેસરથી ફોકસ કરવાનો સંકેત આપતા ગાઝામાં આવતા અઠવાડિયા સુધી યુદ્ધવિરામની સંભાવના વ્યક્ત કરી હતી. નેતન્યાહૂની અમેરિકન યાત્રા ઈરાનની ન્યૂક્લિયર ફેસિલિટી પર અમેરિકન હુમલા બાદ જ થઈ રહી છે. તે સમયે ટ્રમ્પે ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવાનો દાવો કર્યો હતો.

### વિમાન ૯૦૦ ફૂટ નીચે ઉતર્યું

# એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઈટ હવામાં ખોટકાઈ

## પાયલટને કોકપીટની અંદર સ્ટોલ વોર્નિંગ અને ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વોર્નિંગ સિસ્ટમની ડોન્ટ સિંક વોર્નિંગ મળવા લાગી હતી

નવી દિલ્હી, તા.૨

એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ૧૭૧ના અમદાવાદમાં અકસ્માતને હજુ મહિનો પણ નથી થયો ત્યાં એર ઈન્ડિયાના વધુ એક વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાના સમાચાર છેક હવે સામે આવી રહ્યા છે.

એર ઈન્ડિયાની દિલ્હીથી વિયેના જઈ રહેલી ફ્લાઈટ એઆઈ-૧૮૭એ ટેકઓફ કર્યા પછી તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના પગલે વિમાન લગભગ ૯૦૦ ફૂટ નીચે ઉતરી ગયું હતું. જોકે, રાહતની વાત એ રહી કે કોઈ અકસ્માત સર્જાયો નહીં અને બધા જ પ્રવાસી તથા ક્રૂનો ચમત્કારિક બચાવ થયો હતો.

અમદાવાદમાં ૧૨ જૂને એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડયાના બે જ દિવસ પછી વિયેના જતી ફ્લાઈટ એઆઈ-૧૮૭ દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ૧૪ જૂને વહેલી સવારે ૨.૫૬ કલાકે રવાના થઈ હતી. એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭ વિમાને ટેકઓફ કર્યાની થોડીક જ મિનિટોમાં અચાનક અત્યંત જોખમી રીતે ૯૦૦ ફૂટ નીચે આવી ગયું હતું. પાયલટને કોકપીટની અંદર સ્ટોલ વોર્નિંગ અને ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વોર્નિંગ સિસ્ટમની ડોન્ટ સિંક વોર્નિંગ મળવા લાગી હતી, જેને પગલે ટેકનિકલ ખામીની જાણ થઈ હતી.

જોકે, પાયલટે સ્થિતિ પર તુરંત નિયંત્રણ મેળવ્યું હતું અને વિમાનને યોગ્ય ઉંચાઈ પર લાવીને ઉડ્ડયન ચાલુ રાખ્યું હતું. આ ઘટનામાં કોઈ નુકસાન થયું નહીં અને વિમાને ૯ કલાક ૮ મિનિટના ઉડ્ડયન બાદ વિયેનામાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. થોડા સમય પછી વિયેનામાં બીજા ક્રૂ આવ્યા હતા અને આ જ ફ્લાઈટને લઈને ટોરોન્ટો રવાના થઈ ગયા હતા.

જોકે આ ઘટનામાં મહત્વની બાબત એ હતી કે પાયલટે તેના રિપોર્ટમાં માત્ર ટેક-ઓફ પછી ટર્બ્યુલન્સના કારણે સ્ટિક શેકર એક્ટિવ થયું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ અમદાવાદમાં થયેલી દુર્ઘટનાના પગલે ડીજીસીએએ અકસ્માતની ગંભીરતાને જોતા ફ્લાઈટ ડેટા રેકોર્ડરની તપાસ કરતા જીપીડબલ્યુએસ ડોન્ટ સિંક અને સ્ટોલ વોર્નિંગ જેવી ગંભીર ચેતવણીઓ પણ અપાઈ હોવાનું જણાયું હતું. એર ઈન્ડિયાએ જણાવ્યું કે, પાયલટનો રિપોર્ટ મળ્યા પછી નિયમો મુજબ વિમાનના રેકોર્ડરમાંથી ડેટા પ્રાપ્ત કરાયો હતો અને આગળની તપાસ આવે ત્યાં સુધી ફ્લાઈટના બંને પાયલટોને ફરજ પરથી હટાવાયા હતા.

# અમરેલીની અમર ડેરી ખાતે સહકાર સપ્તાહ અંતર્ગત વર્કશોપ યોજાયો



'આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ' અને સહકાર સપ્તાહ ઉજવણીના બીજા દિવસે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ અને ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે વર્કશોપનું આયોજન અમર ડેરી ખાતે કરવામાં આવ્યું. આ વર્કશોપમાં મોડલ ઓડિટ એકસરસાઈઝ, એમ્બ્રિયો ટ્રાન્સફરથી ઈટી, ગાય અને ધમમાખી પાલન ધ્વારા પ્રાકૃતિક ખેતી, ૧૨ અને ૫૦ દુધાળા પશુઓની યોજનાનો લોન મેળો, એએચ કિસાન કેડિટ કાર્ડ, ઉભરતી તકનીકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યકમમાં જિલ્લા રજીસ્ટાર સંદીપ અણીયાણી, અમર ડેરીનાં એમડી ડો. આર. એસ. પટેલ, જીએમ. ડી.આર. રામાણી, ડો. દેસાઈ, ડો. કામદાર, અમુલ ફેડરેશનના અધિકારી ડો. ચાવડા, અપૂર્વ સુથાર સહિત વિભાગીય અધિકારીઓ, કર્મચારીઓ, ગોપાલ મિત્રો, સહકારી દુધ મંડળીના મંત્રીઓ સહિત કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.


## NAME AND ADDRESS CHANGED

I hereby declare, **Jignesh Bhupatbhai Panara.** My old name and address have been changed. My old name **Jignesh Bhupatbhai Panara** and address - Bolck No.-39, Sukhnivas Colony-Amreli-365601 From **Jigneshbhai Bhupatbhai Panara** and address Vidyanagar, Lathi Road - Amreli-365601 Therefore, from now on I am known by this name and address


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૦૦ | ૯૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૯૧ |
| ૩ | તલ | ૧૦૦૫ | ૧૫૭૫ |
| ૪ | ધાણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૫ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૬ | સોયાબીન | ૭૮૦ | ૭૯૦ |


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૬૪ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૦૬૩ | ૧૦૬૩ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૧૬ |
| ૫ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૬૧ |
| ૬ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૪૩૫ |
| ૭ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૦૦ |
| ૮ | તલ કાળા | ૧૯૬૦ | ૩૬૫૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૦૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૮૩૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૩૭ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૪૬ |
| ૧૩ | મગ | ૧૩૩૫ | ૧૪૭૧ |
| ૧૪ | અડદ | ૭૪૦ | ૧૪૦૦ |
| ૧૫ | ચણા | ૮૪૦ | ૧૧૨૧ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૭ | ચણા સફેદ | ૯૧૦ | ૧૦૯૩ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૮૧૨ |
| ૧૯ | ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૨૦ | તુવેર | ૮૨૦ | ૧૨૫૫ |
| ૨૧ | કપાસ | ૮૯૮ | ૧૬૫૧ |
| ૨૨ | એરંડા | ૧૨૮૦ | ૧૩૦૮ |
| ૨૩ | જીરૂ | ૨૮૧૦ | ૪૦૩૦ |
| ૨૪ | ધાણી | ૧૧૨૦ | ૧૩૧૬ |
| ૨૫ | અજમા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૨૬ | મેથી | ૬૦૦ | ૮૦૬ |
| ૨૭ | સોયાબીન | ૭૩૫ | ૮૦૪ |
| ૨૮ | વરીયાળી | ૧૨૨૦ | ૧૨૨૦ |

## સાવરકુંડલા : મહિલા અધ્યાપન મંદિરમાં પ્રવેશોત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૨

શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલામાં પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં નવા એટલે કે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થી બહેનોને આવકારવા માટે બીજા વર્ષની તાલીમાર્થી બહેનો દ્વારા કુમકુમ માથા પર તિલક કરી બધી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થી બહેનોને ચોકલેટ ખવડાવી ભવ્ય રીતે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સુંદર બનાવવા માટે અધ્યાપન મંદિરના તમામ સ્ટાફ ગણ આચાર્ય બાબુભાઈ ચાવડા, અધ્યાપક ડો. રવિભાઈ મહેતા, ભાવેશભાઈ કાકલોતર અને સ્ટાફગણ રેણુકા અરૂણાબેને તાલીમાર્થી બહેનોને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું અને આ કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયો હતો. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### આંગણવાડી વર્કરને બીએલઓની

કામગીરી કરવાનું કહેતાં આંગણવાડી વર્કરોએ જણાવ્યું હતું કે, અમારે બાળકો, પરિવારો હોય રજાનાં દિવસે કેવી રીતે કામગીરી કરવી તેમ કહીને નનૈયો ભણતા મામલતદારે આંગણવાડી વર્કરને ખખડાવતાં આંગણવાડી વર્કરોમાં ગભરાહટ ફેલાયો અને ૩ વર્કરની તબિયત લથડતા સારવારમાં ખસેડાતા હોબાળો મચી ગયો હતો અને વર્કરનાં સગા–સબંધીઓ દવાખાને દોડી આવ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, એક તરફ સરકારી વિભાગોમાં અનેક જગ્યાઓ ખાલી છે તેમાં વધારાની કામગીરી હોય તો જે–તે કર્મચારી ઉપર જવાબદારી સોંપવામાં આવી રહી હોય કર્મચારીઓ સતત કામનાં ભારણ વચ્ચે કામગીરી કરી રહ્યા છે તે હકીકત છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૩૦ | ૧૨૨૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૭૦૦ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૫૦ |
| ૮ | કપાસ | ૧૪૨૦ | ૧૬૧૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૨ |
| ૧૧ | બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૮૦૨ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૩૬૦ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૪૦૨ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૧૧૮ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૩૦૦ |
| ૧૭ | એરંડી | ૧૧૬૦ | ૧૩૦૦ |
| ૧૮ | મેથી | ૭૫૦ | ૯૯૦ |

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીમાં થયેલ મોબાઈલ ચોરીનાં

દ્વારા ટેકિનકલ સોર્સ આધારે અનડિટેકટ રહેલ ગુન્હો ડિટેકટ કરી ચોરી કરેલ મોબાઈલ ફોન સાથે અમરેલીના જેસીંગપરા શેરી નં. ૫ માં રહેતા અને હીરાનું કામ કરતાં દિનેશભાઈ ચતુરભાઈ કયાડા નામના ઈસમને વાદળી કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૭૦૦૦ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

બહારપરામાં હરી આલાનું નાળુ તરીકે ઓળખાતા વિસ્તારમાં રહેતા લલીતભાઈ પ્રવિણભાઈ રૂખડા નામના ૩૦ વર્ષિય યુવક ગત તા. ૧નાં રોજ રાત્રે ૧૨ઃ૩૦ વાગ્યે ઘરેથી ગયેલ અને સવારે ૭ વાગે તે હરીઆલાનાં નાળામાં કોઈ કારણોસર પડી જતાં યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં રાજકોટના જસદણ તાલુકાના ગઢડીયા ગામે રહેતા ધનજીભાઈ રામાભાઈ લેલા નામના ૩૬ વર્ષિય યુવક ગત તા. ૧નાં રોજ સવારે ૯ઃ૩૦ વાગ્યે બાબરા તાલુકાના ચમારડીથી વાવડી વચ્ચે પાણીનાં ટાંકા પાસે જઈ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં ધારી ગામે જુની કચેરી રોડ ઉપર આવેલ ખોજાપા શેરીમાં રહેતા રમેશભાઈ ચીમનભાઈ ચૌધરી નામના ૪૨ વર્ષિય આધેડને છેલ્લા છએક મહિનાથી ચામડીનો રોગ હોય. જેથી કંટાળી જઈ ગત તા. ૧નાં રાત્રીના આશરે ૮ વાગ્યાના સમયે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૧૧૧/૨૦૨૫

**અરજદાર :** શ્રી ભાવનાબેન પોપટભાઈ હિરપરા
રહે. ઢોલરવા, તા./જિ.અમરેલી.

**એડવોકેટ : સંદીપ પી. પંડયા / એડવોકેટ સચિન જી. મહેતા**

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –ત.ક.મ.શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.ઢોલરવા, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ઢોલરવા ગામમાં અરજદારશ્રી **ભાવનાબેન પોપટભાઈ હિરપરાએ** તેઓની પોતાની **જન્મ (તા.૦૮/૦૫/૧૯૭૩)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૩–૦૬–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૨ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૮૩ |
| ૩ | રાય | ૩૪૫ | ૩૪૫ |
| ૪ | ચણા | ૯૬૫ | ૧૦૯૦ |
| ૫ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | શીંગફાડા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૯૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૩૪૦ |
| ૯ | સોયાબીન | ૭૫૫ | ૭૮૧ |
| ૧૦ | મગ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| ૧૧ | જીરૂ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૨૦ | ૧૯૦૦ |
| ૧૩ | લસણ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૧૪ | તલ કાળા | ૧૧૬૦ | ૨૦૦૦ |

### જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ ભૂમિકા અશ્વિનભાઈ પંડયા (તે શ્રી ભૂમિક ભુખીભાઈ જોષી ના પત્નિ) રહે.ધારી, જી.અમરેલી ની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમા કેરીયારોડ રસ્તે આવેલ રે.સ.નં.૨૭૨ પૈકી ૧૨ ની રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ જમીન માહે આવેલ "શિવપાર્ક–૩" મા આવેલ પ્લોટ નં.૨૫ ની જમીન તથા તે માહે આવેલ રહેણાંક મિલ્કત શ્રી આશિષભાઈ મગનભાઈ શિંગાળા, રહે.લીલીયા ની માલીકીની છે. તે મિલ્કત અમારા અસીલ એ તેઓની પાસેથી વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત અમરેલીના સર્વે નં.૨૭૨ પૈકી ૧૨ ના ક્ષેત્રફળ ૮૦૯૪ ચો.મી.જમીનના મૂળ માલીકો (૧) શ્રી પ્રવિણભાઈ કાનજીભાઈ બાંભરોલીયા તથા (૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ બાંભરોલીયા હતા. આ જમીન પૈકી ક્ષેત્રફળ ૫૮૫૨–૦૦ ચો.મી.ની જમીન મહે.કલેકટર સાહેબશ્રી,અમરેલીના હુકમ નં.૧૫૩/૧૩/૦૫ /૦૭૧/૨૦૨૦ તા.૧૯/૮/૨૦૨૦ થી બીનખેતીમા ફેરવાયેલ છે,તે માહે આવેલ "શિવપાર્ક–૩" માં આવેલ પ્લોટ નં.૨૫ ની જમીન ચો.મી.૮૩–૮૪ આ જમીનના ઉપરોકત મૂળ માલીકો (૧) શ્રી પ્રવિણભાઈ કાનજીભાઈ બાંભરોલીયા તથા (૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ બાંભરોલીયા પાસેથી સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી,અમરેલીમાં નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૫૭૦૭ તા.૬/૧૨/૨૦૨૨ થી શ્રી આશિષભાઈ મગનભાઈ શિંગાળાએ વેચાણ રાખેલ સદરહુ વેચાણલેખ ઉપરોકત માલીકો પૈકી શ્રી રમેશભાઈ કાનજીભાઈ બાંભરોલીયાએ પોતે જાતે તથા શ્રી પ્રવિણભાઈ કાનજીભાઈ બાંભરોલીયાના કુલમુખત્યાર તરીકે કરી આપેલ છે. આ પ્લોટની જમીનના વેચાણલેખથી માલીક થયેલશ્રી આશિષભાઈ મગનભાઈ શિંગાળા પાસેથી આ પ્લોટની જમીન તથા તે માહે આવેલ રહેણાંક મિલ્કત અમારા અસીલ એ વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સબંધે તા. ૧–૭–૨૦૨૫ ના રોજ નોટરાઈઝડ બાનાખત (કબજા વગરનું) કરી લીધેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૦૩/૦૭/૨૦૨૫

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૪ | જીરૂ | ૨૯૧૦ | ૩૮૦૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૧૫ | ૧૮૭૫ |
| ૭ | તલ કાળા | ૨૫૬૦ | ૩૨૫૦ |
| ૮ | ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૦૧૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૫૧ | ૧૯૩૪ |
| ૩ | તલ કાળા | ૨૫૦૧ | ૩૨૫૦ |
| ૪ | તલ પીળા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૬ | બાજરો | ૩૭૬ | ૫૩૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૧૦ | ૫૪૫ |
| ૮ | જુવાર | ૩૯૦ | ૮૪૦ |
| ૯ | મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૧૦ | અડદ | ૧૨૬૧ | ૧૪૦૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૫ | ૧૧૫૨ |
| ૧૨ | ધાણા | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ૧૩ | મેથી | ૭૫૦ | ૮૪૨ |
| ૧૪ | સોયાબીન | ૭૫૫ | ૮૦૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

# સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે રાષ્ટ્રીય ડોક્ટર્સ દિવસની ઉજવણી



સાવરકુંડલા શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે દર્દીઓને જીવન આપનારા, દુખમાં આશા આપી હંમેશા માનવસેવા માટે સમર્પિત રહેતા તબીબોનો આ દિવસ વિશેષ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત અહીંના નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ જસ્મિનભાઈ રાઠોડના ભાવનાસભર સ્વાગતીય શબ્દો સાથે થઈ, જેઓએ તબીબી ક્ષેત્રની મહાનતા અને ડોક્ટરોની વિશિષ્ટ સેવાભાવના વિશે ખૂબ સુંદર શબ્દોમાં અભિવ્યક્તિ આપી, ત્યારબાદ સૌ ડોક્ટરોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી જીવનમાં પ્રકાશ ફેલાવવાના સંકલ્પ સાથે કાર્યક્રમને શોભાયમાન કરવામાં આવ્યો. દીપ પ્રાગટ્ય બાદ સૌએ મળીને શાંત અને આશીર્વાદમય પ્રાર્થનાનું 'ઈતની શક્તિ હમે દેના દાતા' નું ગાયન કર્યુ, જેમાં ભગવાન ધનવંતરી પાસે વધારે સારા આરોગ્ય અને સેવા ભાવનામાં વૃધ્ધિ થાય એવા આશીર્વાદ માટે પ્રાર્થના કરવામાં આવી. કાર્યક્રમમાં મુખ્ય આકર્ષણ તરીકે અહીંના સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારિયા આ દિવસની તમામ ડોક્ટરોને શુભેચ્છાઓ આપી, તેમણે પોતાના જીવન અનુભવો અને તબીબી વ્યવસાયની જવાબદારી તથા માનવસેવા અંગે વાત કરી, સાથે સાથે આરોગ્ય મંદિરના તમામ ડોક્ટરની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રોત્સાહિત કર્યા, જે દરેકના હૃદયને સ્પર્શી ગઈ. ત્યાર બાદ હોસ્ટપિટલના તબીબોએ પણ પોતાના અનુભવો અને યાદગાર પળો સૌ સાથે વહેંચી. અંતે બધા ડોક્ટરોના વરદ હસ્તે કેક કટિંગનું આયોજન કરવામાં આવ્યું. આ દિવસ સૌ માટે યાદગાર રહ્યો અને તબીબી જીવનમાં પ્રેમ, સન્માન અને એકતાની લાગણી વધુ મજબૂત થઈ.

## સરકારનાં અનુદાનથી ૭૯ અને જનભાગીદારીથી ૮૭ કામ થયા

# અમરેલી જિલ્લામાં વરસાદી પાણીને બચાવવા ૧૯૫ કામ પૂર્ણ

**જળસંચય માટે સહિયારા પ્રયાસ થાય તે માટે જનભાગીદારીને પ્રોત્સાહન**

**આગામી પેઢીનાં ભાવિને સુરક્ષિત રાખવાનાં કાર્યમાં સૌનો સાથ જરૂરી**

**જિલ્લાના સેંકડો ગામોમાં જળસંચયની ઉત્તમ કામગીરી કરવામાં આવી**

**કુદરતની મહેરથી જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી વરસાદ પણ પુરો પડે છે**



અમરેલી, તા. ૨

જળસંચય માટે સહિયારા પ્રયાસ થાય તે માટે જનભાગીદારીને પ્રોત્સાહન આપવાની રાજય સરકારની નેમ છે.

સુજલામ સુફલામ જળ અભિયાનકેચધરેઈન૨.૦–૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લામાં જળ સંચયના ૧૯૫ કામ થયા છે. આ કામ પૈકી રાજય સરકારના ૧૦૦ ટકા અનુદાનથી ૭૯ જળસંચયના કામ અને જનભાગીદારી (૬૦–૪૦ટકા) થી ૮૭ કામ અને નાગરિકોના – દાતાઓના ૧૦૦ ટકા અનુદાનથી ૨૯ કામો પૂર્ણ થયા છે.

સુજલામ સુફલામ જળ અભિયાનકેચધરેઈન૨.૦–૨૦૨૫ અંતર્ગત જિલ્લામાં જળ સંપત્તિ વિભાગ – પંચાયત દ્વારા ૬૫ તથા રાજય દ્વારા ૪૬, અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨૪, જિલ્લા જળસ્ત્રાવ એકમ – વોટરશેડ ૧૮ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૮ અને નગરપાલિકા દ્વારા ૩૪ જળસંચયના કામ થયા છે. વરસાદી પાણી બચાવવાની નેમને સાકાર કરવા અમરેલી જિલ્લા વહીવટી તંત્રએ વિવિધ કચેરીઓ સાથે સંકલન સાધી જિલ્લામાં ૧૯૫ જળસંચયના કામો પૂર્ણ થયા છે.

આગામી પેઢીના ભાવિને સુરક્ષિત કરવા વરસાદી પાણી સંગ્રહ માટે નાગરિકોમાં વધુ જાગૃત્તિ આવે તે માટે વિવિધ સંસ્થાઓ અને જાગૃત્ત નાગરિકોને સુજલામ સુફલામ જળ અભિયાન કેચ ધ રેઈન ૨.૦ માં સહયોગ આપવા અનુરોધ છે.

### રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત

## કુંકાવાવ–વડીયાના લાખાપાદર ગામના ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ

**પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના માર્કેટિંગ સહિતના પાસાને આવરી લેવામાં આવ્યા**



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના લાખાપાદર ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત આયોજિત આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મુખ્ય પાંચ આયામ એવા જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, અચ્છાદન અને વાપ્સા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તદઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોનું વેચાણ– માર્કેટિંગ વિશે પણ વ્યાપક સમજ આપવામાં આવી હતી.

અમરેલી આત્મા પ્રોજેકટના દિલીપભાઈ ચાવડા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના એગ્રિ આસિસ્ટન્ટ જનક ચાવડા, રિસોર્સ પર્સન વૈશાલીબેન ચાવડા અને માર્કેટિંગ કન્સલ્ટન્ટ ધ્રુવ દેસાઈ ધ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી આત્મા પ્રોજેકટના માર્ગદર્શન અને સંકલન હેઠળ કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સને આ તાલીમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

### ગીર વિસ્તાર છોડીને રાની પશુઓની માનવ વસાહતમાં અવર–જવર

## ખાંભાના મોટા બારમણ ખાતે મોડી રાત્રિએ સિંહણે ગણતરીની સેંકડોમાં ૨ પશુઓનુ કર્યુ મારણ

**ગૌરવસમા સિંહ–સિંહણ માટે વનવિભાગ દ્વારા ખોરાક–પાણીની વ્યવસ્થા થતી નથી**



અહેવાલ : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા, તા. ૨

અમરેલી જિલ્લામાં આજે સૌથી વધુ સિંહોનું અસ્તિત્વ છે. અને તેમના ખોરાક પાણીની યોગ્ય વ્યવસ્થાનાં અભાવે સિંહ જેવા હિંસક પ્રાણીઓ અવારનવાર ગીર કાંઠાનાં ગામો અને હવે તો શહેરી વિસ્તાર સુધી આવીને રખડતા કે ફરજામાં બાંધેલ પશુઓનું મારણ કરી રહ્યા છે. તો દીપડા જેવા પ્રાણીઓ નાના બાળકોનો પણ શિકાર કરી રહ્યા છે. અને આવી ઘટનાઓ રોજીંદી બની હોવા છતાં વન વિભાગ સામાન્ય રકમનુ વળતર ચુકવીને સંતોષ માને છે. દરમિયાનમાં વધુ એક બનાવ ખાંભાનાં મોટા બારમણ ગામે બનેલ છે. જયાં મોડી રાત્રિએ એક સિંહણે ત્રાટકીને ગણતરીની મિનિટોમાં ૨ પશુઓનુ મારણ કર્યાની ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

### કોઈપણ એપીએમસીમાં એપ્રિલ–મે દરમિયાન ડુંગળીનું વેચાણ કરનારને

## અરે વાહ : ડુંગળીના ઓછાં ભાવ મળ્યા હોય તેવા ખેડૂતોને રૂા.૫૦ હજાર સુધીની સહાય

**સહાય મેળવવા તા.૧૫ જુલાઈ સુધીમાં અરજી કરવી**

અમરેલી, તા. ૨

રાજયની કોઈપણ એ.પી.એમ.સી.માં તા.૦૧–૦૪–૨૦૨૫ થી તા. ૩૧–૦૫–૨૦૨૫ના સમયગાળામાં પોતાના ખેતરમાંથી ઉત્પાદિત ડુંગળીનું વેચાણ એ.પી.એમ.સી.માં કર્યુ હોય અને તેવા અમરેલી જિલ્લાના ખેડુતોને ગત વર્ષની સરખામણીમાં એપ્રિલ–૨૦૨૫ અને મે–૨૦૨૫ દરમિયાન બજારમાં ડુંગળીના ભાવ ઓછા મળ્યા હોય તો તેવા ખેડૂતોને રાજય સરકાર દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. રાજય સરકાર દ્વારા ખેડુતોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૨૦૦ની સહાય આપવામાં આવશે. અમરેલી જિલ્લાના ખેડૂતોએ મહત્તમ ૨૫,૦૦૦ કિલો (૨૫૦ ક્વિન્ટલ) ડુંગળીના વેચાણ સુધી એટલે કે, મહત્તમ રૂ.૫૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. ડુંગળી પકવતા અમરેલી જિલ્લાના ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઈ–ખેડુત ૨.૦ પોર્ટલ પર તા.૧૫–૦૭–૨૦૨૫ સુધીમાં http:// ikhedut. gujarat. gov. in પર ઓનલાઈન અરજી કરવી.

આ ઓનલાઈન અરજી સાથે જરૂરી સાધનિક કાગળો/દસ્તાવેજો (૭/૧૨ અને ૮–અ/વન અધિકારી પત્ર, તલાટી કામ મંત્રીનો ડુંગળીનાં વાવેતર અંગેનો દાખલો, એ.પી.એમ.સી. નો ગેટ એન્ટ્રીનો પુરાવો અને બિલ, આધારકાર્ડ અને બેન્ક પાસબુકની નકલ) સામેલ રાખી તા.૩૧–૦૭–૨૦૨૫ સુધીમાં રૂબરૂ કે ટપાલથી નાયબ બાગાયત નિયામક, જિલ્લા બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી, પિન નં. ૩૬૫૬૦૧ જિ. અમરેલી પર મોકલી આપવી. અરજી કરતી વખતે ખેડુત ખાતેદારે ૭, ૧૨, ૮–અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો સહિતના પુરાવા સાથે રાખવા. વધુ વિગતો અને માર્ગદર્શન માટે નાયબ બાગાયત નિયામક, જિલ્લા બાગાયત કચેરી, અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રોટરી ક્લબ ઓફ અમરેલી દ્વારા ડોકટરો અને CAનું સન્માન



અમરેલી, તા. ૨

૧ જુલાઈ–રાષ્ટ્રીય ડોકટર્સ ડે અને ચાર્ટટ એકાઉન્ટન્ટસ ડે નિમિતે રોટરી કલબ ઓફ અમરેલી ગિર ધ્વારા શહેરના પ્રતિષ્ઠિત ડોકટરો અને ચાર્ટટ એકાઉન્ટન્ટસનું તેમની ઓફિસ ખાતે જઈને પુષ્પગુચ્છ અને સન્માનપત્ર આપીને સન્માન કરાયુ હતું. આ પ્રસંગે કલબના પ્રમુખ રોટે. ત્રિલોક ભટ્ટ, સેકેટરી રોટે. નિરવ ઝીંઝુવાડિયા તથા કબલના સભ્યો હાજર રહ્યા હતા. ડોકટરોના આરોગ્ય ક્ષેત્રમાં કરેલા બેમિસાલ યોગદાન અને ચાર્ટટ એકાઉન્ટન્ટસના નાણાકીય માર્ગદર્શન માટે રોટરી ધ્વારા આ આત્મીય અભિનંદન પાઠવવામાં આવ્યું હતું. આ પહેલને વિવિધ ડોકટરો અને C.A.S ધ્વારા ખુબજ સ્વાગત મળ્યું હતું અને રોટરીના આ માનવિય પ્રયાસની પ્રશંસા કરવામાં આવી હતી.

### તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા

## બાબરામાં આગામી રવિવારે સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

**સંતો–મહંતોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓનું થશે સન્માન**

બાબરા, તા. ૨

બાબરામાં આગામી તા ૬/૭/૨૫ને રવિવારના રોજ અહીં પૂજય જલારામ બાપાના મંદિરે બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ ઉટકર્ષ મંડળ દ્વારા ભવ્ય સરસ્વતી વિધાર્થી સન્માન સમારોહ યોજાશે તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ તેમજ બાપા સીતારામ આશ્રમ હડાળા આશ્રમના પૂજય મહંત મણીરામ બાપાના દિવ્ય આશીર્વાદ અને સાનિધ્યમાં સમાજના તેજસ્વી તારલાઓનું સમાજ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

આ તકે મુખ્ય મહેમાન તરીકે લાઠી બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલિયા તેમજ જ્ઞાતી રત્ન ઘનશ્યામભાઈ ચરણદાસ, અનિભાઈ રામાનુજ, ડો કે જી વૈષ્ણવ તેમજ પૂજય સીતારામ બાપુ લિબડીયા, પૂજય કલ્યાણદાસ બાપુ ગિરનારી આશ્રમ રફાળિયા, પૂજય ભૂપત બાપુ કાગડળી, પૂજય ત્રિભોવનદાસબાપુ સતાપર, પૂજય ગોપાલદાસબાપુ રોકડીયા આશ્રમ હીરાના, પૂજય ઘનશ્યામ દાસબાપુ સાવરકુંડલા, પૂજય અવધબિકારી બાપુ નાની કુંડળ સહિતના સાધુ સંતો ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## વિકાસ, વિકાસ અને વિકાસની ગુલબાંગો વચ્ચે નિયમિત વીજળી પણ અપાતી નથી

# બગસરામાં અનિયમિત વીજળીથી ધંધા–રોજગાર ભાંગીને ભુક્કો

છેલ્લા ૨ વર્ષથી વેપારી મહાજનોએ અવારનવાર રજુઆત કરી છતાં પીજીવીસીએલને કોઇ ચિંતા નથી

એક તરફ યુવાનોને રોજગારી મળતી નથી ને બીજી તરફ હયાત વેપારી પણ પરેશાન

શહેરીજનોને ચૂંટણીનાં દિવસોમાં બિનજરૂરી પ્રશ્નોમાં અટકાવીને રાજકીય પક્ષો મત લઇ જાય છે

જો કે મતદારો જાગૃત નહી બને તો એકપણ સમસ્યાનું સમાધાન થવાનું નથી તે પણ હકીકત છે




બગસરા, તા. ૨

બગસરામાં છેલ્લા બે વર્ષથી વીજ કાપથી બગસરામાં ધંધા રોજગારને લઈને અનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે. વેપારીઓને વીજળી ઉપર ધંધા રોજગાર ચાલતા હોય છે ત્યારે પીજીવીસીએલ ડેપ્યુટી એન્જિનિયરને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ ફેરફાર ન થતા ના છૂટકે વેપારીમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે. ત્યારે ચેમ્બર ઓફ કોમર્સ, નવનિયુકત વેપારી મહામંડળ, ઓકિસજન ગ્રુપને વેપારીઓએ રજૂઆત કરેલ હોવાથી પીજીવીસીએલ કચેરીએ આવેદનપત્ર સાથે સંસ્થાઓ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવેલ હતી. દિનપ્રતિદિન ધંધા રોજગાર લાઈટના કારણે ભાંગી પડેલ છે. કારણ કે વેપાર વીજળી ઉપર હોવાથી જેમાં દરજીકામ, આરી ભરત કામ, બેકરી, ઠંડા પીણાને લગતા કારખાનાઓ તથા બરફના કારખાનાઓ આ ઉપરાંત હોસ્પિટલોમાં દર્દીઓને ઓપરેશનો ચાલતા હોય છે તે પણ ઘણીવાર વીજળીના કારણે ઊભા રહી જતા હોય છે આવું અનેક વાર બન્યું છે. ગુરૂવારે વીજકાપ પીજીવીસીએલ દ્વારા રાખવામાં આવ્યો છે પરંતુ હવે ગુરૂવારનો કોઈ મિનિંગ જ રહ્યો નથી. ગમે ત્યારે આખા દિવસમાં વીજ કાપ કરી દેવામાં આવે છે જેના લીધે અનેક સમસ્યાઓ સર્જાય છે. સમગ્ર ગુજરાતમાં ભાજપની સરકાર હોય અને આવા સામાન્ય પ્રશ્નને લઈને લોકોને બે વર્ષ સુધી હેરાન થવું પડે. હાલ આ રજૂઆતના પગલે કાંઈ ફેરફાર નહીં થાય તો ના છૂટકે સંસ્થાઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સ, નવનિયુકત વેપારી મહામંડળ તથા ઓકિસજન ગ્રુપ દ્વારા પ્રેસ મીડિયાને જણાવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ચૂંટણીનાં દિવસોમાં જ્ઞાતિ–જાતિનાં ભેદભાવ પાડીને સત્તા પક્ષનાં આગેવાનો મત મેળવી લેતા હોવાથી તેઓને જનતાની પરેશાની દુર કરવાની કોઈ ચિંતા હોતી નથી.

### એલસીબી પી.આઈ.ના માર્ગદર્શનતળે પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

## દામનગર પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાતનાં ગુન્હામાં ૬ માસથી નાસતો ફરતો આરોપી ઝપાયો

### સ્થાનિક વિસ્તારમાંથી આરોપીની અટકાયત



અમરેલી, તા. ૨

દામનગર મુકામે આંબેડકરનગર વિસ્તારમાં રહેતા એક કોન્ટ્રાકટરની માલિકીની સેન્ટીંગ કામની લોખંડની પ્લેટો ૯૦ નંગ ભાડા પટે લઈ જઈ કોન્ટ્રાકટરને ભાડા રૂપીયા નહી આપી તથા કોન્ટ્રાકટરની માલિકીની લોખંડની પ્લેટો ૯૦ નંગ કિમત રૂપિયા ૪૦,૫૦૦ ની પરત નહી આપી વિશ્વાસઘાત કરેલ હતો જે અંગે દામનગર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ – ૩૧૬(૨) વિ. મુજબનો ગુન્હો નોંધાયેલ હોય જે કામે આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમ દ્વારા છેલ્લા છ માસથી નાસતા ફરતા આ બનાવના આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી દામનગર વિસ્તારમાં તપાસ કરી ગારિયાધાર તાલુકાના મોરબા ગામે રહેતા આરોપી અશોકભાઈ ધનજીભાઈ કંટારીયાને તા.૨ ના રોજ દામનગર વિસ્તારમાંથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ દામનગર પોલીસ સ્ટે.શનને સોંપી આપવા તજવીજ કરેલ છે.




### સાંસદ, ધારાસભ્યોએ મુખ્યમંત્રીને રજુઆત કરતા આદેશ જારી

# આનંદો : અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં ખેડુતોને નેનો યુરિયા લેવુ ફરજીયાત નથી

### ખેડૂતોને જેટલુ જોઈએ તેટલુ યુરિયા ખાતર આપવા તાકીદ











અમરેલી, તા. ૨

આજરોજ ગાંધીનગર ખાતે ગુજરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ખેડૂતોને ખાતર સાથે આપવામાં આવતાં નેનો યુરિયા પ્રશ્ને અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરિયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, રાજુલાનાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ રૂબરૂ રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તરત સચિવને સૂચના આપી સમગ્ર ગુજરાતમાં તત્કાલ નેનો યુરિયા બંધ કરવા જણાવ્યું તેમજ રાજયનાં ખેડૂતોને જેટલું જરૂર હોય એટલું ખાતર આપવા તાકીદ કરી હતી. આમ અમરેલીનાં ખેડૂત નેતાઓની સામુહિક રજૂઆતને કારણે ગુજરાતભરનાં કિસાનોને ફરજીયાત નેનો યુરિયા ખરીદવામાંથી મુકિત મળી હતી.




### સિટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા

## અમરેલીમાં થયેલ મોબાઈલ ચોરીનાં ગુન્હાનો ભેદ ઉકેલાયો



અમરેલી, તા. ૨

અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સપેકટર ડી.કે. વાઘેલાએ સીટી વિસ્તારમાં બનવા પામેલ મિલકત સબંધીત અનડિટેકટ ગુન્હાઓ ડીટેકટ કરી આરોપી તથા મુદ્દામાલ ત્વરીતપણે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી.ક.ની કલમ–૩૭૯ મુજબના ગુન્હાના કામે અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)